ભૂગોળવિદ્યા.

ભાગ ૧ લો.

મુંબઈ:
ધી જાઈંટ-સ્ટૉક પ્રિંટિંગ પ્રેસ.

૧૮૮૫.

કિંમત ૩ આના.

૪૧૫૮

ભૂગોળ વિદ્યા.

ભૂગોળવિદ્યા—પૃથ્વિના ગોળાનું વર્ણન.

ગોળાનો આકાર—કાંઇક નારંગીને મળતો. ઉપલી તથા નિચલી બાજુપરથી થોડો ચપટો છે.

(પૃથ્વી ગોળ છે તે નીચલા કારણોથી સાબીત થાયછે.)

૧ લું.—જે શખ્સો વહાણુમાં બેસીને પૃથ્વીની પ્રદક્ષિણા કરી આવ્યા છે તેઓ જે ઠેકાણેથી નીકળ્યા હતા તેજ ઠેકાણે આડા અવળા વળ્યા શિવાય પાછા આવ્યા. જો ચપટી હોત તો પાછા તેને તેજ ઠેકાણે આવત નહીં.

૨ જું.—જ્યારે કોઇ વહાણુ આપણી પાસેથી હંકારીને જેમ જેમ દુર જતું જાય છે, તેમ તેમ તેનો નિચેનો ભાગ દેખાતો બંધ થાય છે, અને છેલ્લે તેનો ડોલ દેખાઇ પછી તદન દેખાતું બંધ થાય છે.

૩ જું.—પુનમને દિવસે જ્યારે ચંદ્રગ્રહણ થાય છે ત્યારે પૃથ્વીની છાયા ચંદ્ર ઉપર ગોળ દેખાય છે.

૪ થું—ઘણે દૂર ઉભા રહીને કોઇ ઉંચો પહાડ કે મ્હોટો ડુંગર જોઇએ છીએ ત્યારે પહેલ વહેલી તેની ટોંચ દેખાયછે પછી જેમ જેમ પાસે જતા જઇએ છીએ તેમ તેમ તેનો સઘળો ભાગ દેખાતો જાયછે.

એ શિવાય બીજા ઘણા દાખલાથી સાબીત થાયછે કે પૃથ્વી ગોળછે.

પૃથ્વીની ગતિ.

જેમ ચંદ્ર સૂર્ય વગેરે ગ્રહો આકાશમાં અધર રહેલાછે, તેમ જે પૃથ્વી ઉપર આપણે વસીએ છીએ તે પણ એક ગ્રહ છે, અને તે પણ તેઓની માફક કોઇના આધાર કે ટેકા વગર અધર રહેલી છે.

પૃથ્વી પોતાની ધરી ઉપર ૨૪ કલાકમાં ફરી રહેછે, તેથી દહાડો અને રાત્ર થાય છે. જે પાસું સૂરજ ભણી હોયછે ત્યાં દહાડો હોય છે, અને જે પાસું સૂરજ ભણી નથી હોતું ત્યાં રાત્ર હોયછે.

પૃથ્વી જે વખતે પોતાની ધરી ઉપર ફરેછે, તેજ વખતે તે સૂર્યની આસપાસ ફરેછે, અને એ ફેરો પૂરો કરતાં ૩૬૫ દિ. ૫ ક. ૪૮ મિ. અને ૪૭ સેકન્ડ લાગેછે, જેથી વર્ષ થાયછે તથા રૂતુઓના ફેરફાર થાયછે. એ પ્રમાણે પૃથ્વીને ફરવાની બે ગતિ છે.

દિશાઓ તથા ખુણા.

દિશાઓ ચાર છે. **પૂર્વ** અથવા **ઉગમણી**, **પશ્ચિમ** અથવા **આથમણી**, **ઉત્તર** અને **દક્ષિણ**.

સવારે જે દિશામાં સૂરજ પહેલ વહેલો ઉગતો દેખાયછે તે દિશાને ઉગમણી કે પૂર્વદિશા કહેછે. સાંજે જે દિશામાં સૂરજ આથમતી વખતે છેલ્લો દેખાય છે, તે દિશાને આથમણી કે પશ્ચિમ દિશા કહેછે. પૂર્વદિશા તરફ મોં કરીને ઉભા રહીએ તો ડાબા હાથ તરફનીને ઉત્તરદિશા, અને જમણા હાથ તરફનીને દક્ષિણદિશા કહે છે.

પૂર્વ અને દક્ષિણની વચ્ચે આવેલા ખુણાને (**અગ્નિ**) દક્ષિણ અને પશ્ચિમની વચ્ચે આવેલાને (**નૈરૂત્ય**) પશ્ચિમ અને ઉત્તરની વચ્ચે આવેલાને (**વાયવ્ય**) અને ઉત્તર અને પૂર્વની વચ્ચે આવેલા ખુણાને (**ઈશાન**) ખુણો કહેછે.

 ૪૨૨૧

નકશાની દિશાઓ.

આખી પૃથ્વીનો કે તેના કોઇ ભાગનો નમુનો પાડેલો હોય તેને નકશો કહેછે.

નકશાની સામે મોં કરીને ઉભા રહીએ તો આપણા માથાની ઉપલી ઉત્તર, આપણા પગ તરફની નીચલી દક્ષિણ, આપણા જમણા હાથ તરફ આવેલી પૂર્વ, અને ડાબા હાથ તરફ આવેલીને પશ્ચિમ દિશા કહે છે.

પૃથ્વીની સપાટી.

પૃથ્વીના આખા ગોળાની સપાટી, જમીન અને પાણીની બનેલીછે, તેમાં ત્રણ ભાગમાં પાણી છે અને એક ભાગમાં જમીન છે.

જમીનના મોટા ભાગ.

એ ગોળાના બે ભાગ કરેલા છે તેમાં એકને પૂર્વ ગોળાર્ધ અને બીજાને પશ્ચિમ ગોળાર્ધ કહેછે. એ બેઉ ભાગમાં છ ખંડ આવેલાછે તેમાં પૂર્વ ગોળાર્ધમાં **યૂરોપ, એશિયા, આફ્રિકા,** અને **ઓશિયાન્યા** (**આસ્ટ્રેલિઆ** અને એની આસપાસના બેટો તથા **પાસિફિક** મહાસાગર માંહેલા સઘળા નહાના બેટ સહિત) એવા ચાર ખંડ છે. પશ્ચિમ ગોળાર્ધમાં **ઉત્તર અમેરિકા** અને **દક્ષિણ અમેરિકા** એવા બે ખંડ આવેલા છે. પશ્ચિમ ગોળાર્ધમાં આવેલો **અમેરિકા ખંડ** કોલમ્બસ નામના વહાણવટીએ ઇ. સ. ૧૪૯૨ માં શોધી કહાડયો ત્યારથી એને નવી દુનીઆ, અને પૂર્વ ગોળાર્ધને જૂની દુનીઆ કહેછે.

એશિયા—યૂરોપ ખંડની પૂર્વમાં છે.
યૂરોપ—એશિયા ખંડની પશ્ચિમે છે.
આફ્રિકા—યૂરોપ ખંડની દક્ષિણે છે.
ઉત્તર અને દક્ષિણ અમેરિકા—યૂરોપખંડ અને આફ્રિકા ખંડની પશ્ચિમે છે.
આસ્ટ્રેલિઆ—એશિયા ખંડના અગ્નિ ખૂણામાં છે.

પાણીના મોટા ભાગ.

પૃથ્વીની સપાટીપર જે ખારૂં પાણી છે તેના પાંચ મોટા ભાગ કર્યાછે.

ઉત્તર માહાસાગર—ઉત્તર ધ્રુવની આસપાસ છે.
દક્ષિણ માહાસાગર—દક્ષિણ ધ્રુવની આસપાસ છે.
પાસિફિક માહાસાગર-એશિયા અને અમેરિકાની વચ્ચે છે.
આટલાંટિક માહાસાગર-અમેરિકાની પૂર્વે અને યૂરોપ તથા આફ્રિકાની પશ્ચિમે છે.
હિંદી માહાસાગર— એશિયાની દક્ષિણે છે.

જમીનના રાજકિય ભાગ.

ગામ—જ્યાં થોડાં ઝુપડાંજેવાં કાદવ કે છાણ માટીનાં બાંધેલાં ઘર અને થોડી વસ્તી હોય તેને ગામ કહેછે.

શેહેર-જેમાં છોથી બાંધેલાં ઘણાં ઘર તથા ઘણાં બજાર તથા ઘણી વસ્તી અને બોહોળો વેપાર ચાલતો હોય તેને શેહેર કહેછે.

તાલુકો અથવા પ્રગણું—જેના તાબામાં નહાનાં નહાનાં ગામો આવેલાં હોય તેને તાલુકો અથવા પ્રગણું કહેછે.

કસ્બો—તાલુકાનું જે મુખ્ય ગામ હોય તેને કસ્બો કહેછે.

જિલ્લો—જે ઘણાં એક પ્રગણાં અથવા તાલુકા મળીને થયલો હોય તેને જિલ્લો કહેછે.

સંસ્થાન—રાજાઓનાં વસાવેલાં નહાનાં નહાનાં ખંડિયાં રાજ્યને સંસ્થાન કહેછે.

ઈલાકો—જેમાં ઘણાં શહેરો તથા ખંડિયાં રાજ્યો આવેલાં હોય તેને ઇલાકો કહેછે.

જમીનના ભાગ.

ખંડ—જમીનનો મ્હોટો ભાગ જેમાં ઘણા દેશો આવેલા હોય તેને ખંડ કહેછે.

દેશ—નહાના નહાના જમીનના ભાગો એક બીજા સાથે જોડાઇ જઇ જેનો ખંડ બન્યો હોયછે તેને દેશ કહેછે.

બેટ કે દ્વીપ—ચારે બાજુએ પાણીથી વિટલાયલા જમીનના નહાના ભાગને બેટ, દ્વીપ કે ટાપુ કહેછે.

દ્વીપકલ્પ—જમીનનો થોડોક ભાગ ત્રણ બાજુએ પાણીથી વીટલાયલો હોય તેને દ્વીપકલ્પ કહેછે.

સંયોગીભૂમી—જમીનનો જે સાંકડો ભાગ જમીનના બે મ્હોટા ભાગને જોડે છે તેને સંયોગીભૂમી કહેછે.

ભૂશિર—જમીનનો કીનારે આવેલો ભાગ લાંબો થઇને સમુદ્રમાં ગયેલો હોય તેની અણીને ભૂશિર કહેછે.

જ્વાળામુખી પર્વત—જે પર્વતના શિખરમાંથી ધુમાડો, બળતા પથરા અને ઉનો ઓગળેલો રસ નીકળતો હોય તેને જ્વાળામુખી પર્વત કહેછે.

ડુંગર, તથા પર્વત—જમીનનો જે ભાગ જમીનથી ઉંચો હોય તેને ડુંગર કહેછે, અને ડુંગર કરતાં ઉંચા ભાગને પર્વત કહેછે.

ખીણ—ડુંગરો કે પર્વતોની વચ્ચે આવેલા નીચા પ્રદેશને ખીણ કહેછે.

પ્રદેશ કે મેદાન—સપાટ જમીનના વિસતાર પામેલા ભાગને પ્રદેશ કે મેદાન કહેછે.

ઉચ્ચ પ્રદેશ—પહાડો ઉપર આવેલા ઉંચા પ્રદેશને ઉચ્ચપ્રદેશ કહેછે.

જળક્ષેપ પ્રદેશ—જે ઉંચી જગ્યાએથી જૂદી જૂદી દિશાઓમાં પાણી વહે તેને જળક્ષેપ પ્રદેશ કહેછે.

દોઆબ—બે નદીઓની વચ્ચે આવેલા પ્રદેશને દોઆબ કહેછે, તેમજ પાંચ નદીઓની વચ્ચે આવેલા પ્રદેશને પંજાબ કહેછે.

બંદર—નદી કે દરીઆકાંઠે આવેલું વહેપારનું મથક હોય ને ત્યાં વહાણો આવી શકતાં હોય તો તેને બંદર કહેછે.

પાણીના ભાગ.

મહાસાગર—ખારાં પાણીના મોટા ભાગને મહાસાગર કહેછે.

સમુદ્ર—મહાસાગર કરતાં ખારાં પાણીના નહાના ભાગને સમુદ્ર કહેછે.

અખાત—ખારાં પાણીનો જે ભાગ ઘણો ખરો જમીનથી ઘેરાયલો હોય તેને અખાત કહેછે.

ઉપસાગર—જે અખાતનું મોં પોહોળું હોય તેને ઉપસાગર કહેછે.

સરોવર— ચારેબાજુએ જમીનથી ઘેરાયલા પાણીના મ્હોટા ભાગને સરોવર કહેછે.

સામુદ્રધુનિ—પાણીના બે મોટા ભાગને જોડનારા પાણીના નહાના ભાગને સામુદ્રધુનિ કહેછે.

નદી—પર્વત કે સરોવરમાંથી મીઠા પાણીનો પ્રવાહ ઢળતી જગ્યામાં થઇ સમુદ્રને મળેછે, તેને નદી કહેછે; એવો નહાનો પ્રવાહ થોડેક સુધી વહી આગળજતાં બીજી નદીને મળેછે તેને નધતર ગામી કહેછે; છેક નાહાનોપ્રવાહહોય ત્યારે તેને નાળું કહેછે; મોટી નદીમાંથી ફાંટો નીકળી નહાની નદીની માફક વહેછે તેને શાખા કહેછે; જે ઠેકાણે બે નદીઓ ભેગી થાય તેને સંગમ કહેછે.

નદીનું—મૂળ તથા મુખ—જે ઠેકાણેથી નદી નીકળેછે તેને તેનું મૂળ કહેછે, અને જે ઠેકાણે તે સમુદ્રને કે બીજી નદીને મળે છે તે ઠેકાણાંને મુખ કહેછે.

ખાડી—ભરતીની વખતે સમુદ્રનું પાણી નદીમાં આવે એવું જે નદીનું પોહોળું મુખ તેને ખાડી કહેછે.

એશિયાખંડ.

એ ખંડ બીજા સર્વે ખંડો કરતાં મોટો છે. એના બાર ભાગ કરેલા છે તેઓનાં નામઃ—

૧—એશિઆઇ તુર્કસ્થાન (ટર્કીઇન એશિઆ).
૨—આરબસ્તાન (અરેબિઆ)
૩—ઇરાન (પાર્શીઆ).
૪—આફગાનિસ્તાન.
૫—બલુચિસ્તાન.
૬—હિંદુસ્તાન (બ્રિટિશ બરમા સહિત.)
૭—સિંહલ દ્વીપ (સીલોન).
૮—હિંદી ચીન (ઈનડયન ચાઇના).
૯—ચીનાઈ રાજ્ય (ચાઇનીઝ એમ્પાયર).
૧૦—તુર્કસ્તાન.
૧૧—એશિઆઇ રૂશિયા.
૧૨—જાપાન.

એમાંના હિંદુસ્તાનની પશ્ચિમે આવેલા મુંબઇ ઇલાકા માંહેલા મુંબઈ બેટનું વર્ણન પહેલું આપ્યું છે.

મુંબઇ બેટ.

મુંબઇમાં પૂર્વે **ભીમરાજા** નામનો હિંદુ રાજા રાજ્ય કરતો હતો. તેના મરણ પછી તેનો કુંવર **પ્રતાપશા** ગાદીપર બેઠો. તેના શાળા **નાગરશાએ** તેને હરાવી તેને ગાદી ઉપરથી ઉઠાડી પોતે બેઠો. ઇ. સ. ૧૩૧૮ માં **અલાઉદ્દીન** નામના મુગલરાજાએ મુંબઇ બેટ લીધો. આસરે ઇ. સ. ૧૫૩૨ માં પોર્ટુગીઝ લોકોના હાથમાં આવ્યો,

ઇ.સ ૧૬૬૧ માં પોર્ટુગાલના રાજાએ પોતાની છોકરી **કેથરાઇના** ઇંગ્લાંડના રાજા બીજા **ચાર્લ્સ** સાથે પરણાવી અને તેની પેહેરામણીમાં મુંબઇબેટ અંગ્રેજોને મળ્યો. તે વખતે તેમાં ફકત નારીએળી, તાડી- અને બુંબલાની પેદાસ હતી. ધીમે ધીમે અંગ્રેજ લોકોએ એ બેટનો વિસ્તાર વધાર્યો. પ્રથમ સઘળી વસ્તી કોટમાં હતી અને કોટ બહાર ખેડાણ તથા પડતર જમીન હતી. કોટ ફરતો ઘણો મજબુત બાંધેલો હતો તથા તેમાં દાખલ થવાને મ્હોટા મ્હોટા ત્રણ દરવાજા હતા. દરેક દરવાજાની બેઉ બાજુપર અકેકી ખાઇ હતી જે ઓળંગીને કોટમાં જવાતું હતું. હવે ધીમે ધીમે વસ્તી વધીને ઉત્તર તરફ છેક ભોંય ખલા સુધી ચીકાર થઇછે તેથી કેટલીક સગવડ થવા સારૂ ઇ. સ. ૧૮૫૭ માં એ ખાઇઓ પુરાવી નાખી કોટ તોડી પાડેલો છે. વળી કોટ અને બ્હાર કોટની વચ્ચે જે ખુલ્લું મેદાન હતું તે પણ દિવસે દિવસે ઇમારતોથી ભરાતું જાય છે તેથી કોટ અને બ્હાર કોટ સઘળું એકત્ર થયું છે. એની લંબાઇ આસરે ૧૧ માઇલ તથા સરાસરી પોહોળાઇ આસરે ૩ માઇલ છે અને વસ્તી આસરે ૧૦૦૦૦૦૦ માણુસની છે.

બેટના પૂર્વ તથા પશ્ચિમ કાંઠા ઉપર માટી તથા પથરા પૂરીને દરીઆને નજદીક અડધો માઇલ સુધી પાછો હઠાવ્યો છે. પૂર્વ કાંઠા ઉપર પુરવણી કરેલી જગ્યાને પોર્ટ ટ્રસ્ટ લૅન્ડ કરીને કહે છે. તેના પશ્ચિમ ભાગ ઉપર જી. આઈ. પી. રેલવેની સડક નાખેલી છે, અને બાકીના થોડાક ભાગ ઉપર સારી સારી ઈમારતો બાંધી લોકો વસેલા છે. એ ભાગમાં મુખ્ય વસ્તી કચ્છી દશા શ્રાવક વાણીઆની તથાકચ્છી લૂવાણાની છે. થોડાક ભાગ ઉપર જ્યાં ઘણાં બંદરો આવેલાં છે ત્યાં અનાજ ભરવાની મ્હોટી મ્હોટી વખારો બાંધેલી છે તેને **પાલા** કરીને કહેછે. રેલવેની લાઇન ઉપર થઇને **પોર્ટટ્રસ્ટ લૅન્ડ** ઉપર સલામતીથી જવાને ત્રણ લાકડાના તથા ચાર પથ્થરથી બાંધેલા પૂલ છે.

પશ્ચિમ કાંઠા ઉપર પુરવણી કરેલી જગ્યાને **બૅકબે રેકલેમેશન લૅન્ડ** કહે છે, અને તે ઉપર **વડોદરા રેલવેની લાઇન**, તથા **ચર્ચગેટ, મરીનલાઇન** અને **ચર્નિરોડ** સ્ટેશનો કરેલાં છે તથા એક સુંદર બાગ બનાવેલો છે.

મુંબઈ બેટની સીમા.

ઉત્તરમાં માહિમની ખાડી તથા થાણા જિલ્લો; પશ્ચિમમાં આરબી સમુદ્ર અને માહિમનો અખાત; દક્ષિણમાં બૅકબે, કોલાબા અને મલબાર હિલ્લ અને પૂર્વમાં મુંબઇનું બારૂં તથા આરબી અખાત છે.

મુંબઈ બેટના મુખ્ય ભાગ.

૧ કોલાબા.	૩ એસપ્લેનેડ.	૫ મારકીટ
૨ કોટ.	૪ ધોબી તળાવ.	૬ માંડવી.

૭ ભુલેશ્વર.	૧૩ ખંભાલા હિલ્લ.	૧૯ નાયગામ.
૮ ખેતવાડી.	૧૪ તારદેવ.	૨૦ વરલી.
૯ ઉમર ખાડી.	૧૫ કામાટીપુરા.	૨૧ સીવરી
૧૦ ગીરગાંમ.	૧૬ મજગામ.	૨૨ દાદર.
૧૧ ચોપાટી.	૧૭ ચીચપોગલી.	૨૩ માટુંગા.
૧૨ મલબાર હિલ્લ.	૧૮ પરેલ.	૨૪ માહિમ.

૨૫ ધારાવી ૨૬ સીમ.

બેટ.

ક્રૉસઆયલૅન્ડ (છીનાળ ટેકરી.)
ડૉલફિનલાઇટ (એ ઠેકાણે નવી દીવાદાંડી છે.)
ઑઇસ્ટર રૉક.
મિડલ ગ્રૅાન્ડ શૉલ.
એલીફન્ટા (ધારીપુરી)

} એ બેટો મુંબઈના બારાની આજુ બાજુમાં આવેલા છે.

ધારાપુરીમાં આગલા વખતમાં પથ્થરને કોરીને દહેરાં, મ્હોટા મ્હોટા ઓરડાઓ, ખાઇઓં વગરે બનાવેલાં છે, જ્યાં શિવરાત્રીએ જાત્રા ભરાયછે, અને એ દિવસે ઘણા લોકો પડાઉઓ, હોડીઓ અને આગબોટમાં બેસી ત્યાં જોવા જાયછે. એ ગુફામાં પથ્થરનો કોરેલો એક મ્હોટો હાથી હતો જે ભાંગી તુટી જવાથી તેને **વિકટોરિઆ ગાર્ડનમાં** જોવા મુકયોછે. એલિફન્ટ એ અંગ્રેજી શબ્દનોઅર્થ હાથી થાયછે તેપરથી એ બેટનું નામ પડયું છે.

દ્વીપકલ્પ.

મલબાર હિલ્લ—એ બેટની દક્ષિણે, બૅકબે અને અરબી સમુદ્રની વચ્ચે છે.

કોલાબા—એ બેટની દક્ષિણે, મુંબઇનું બારૂં અને બૅકબેની વચ્ચે છે.

ભૂશિર.

કોલાબા—કોલાબાની દક્ષિણે.
મલબાર—મલબાર હિલ્લની દક્ષિણે.
હાજી અલ્લી—હાજી અલ્લીની ઉત્તરે.
મામા અજાની—મામા અજાનીની દક્ષિણે.
વરલી—વરલીની ઉત્તરે.
સીવરી—સીવરીની દક્ષિણે.

ડુંગરો.

મંડલી હિલ્લ—ઉત્તરે ગૌવારીમાં.
રૈલી હિલ્લ—ઉત્તરે સાયનમાં.
મલબાર હિલ્લ }
ખંબાલા હિલ્લ } નૈરૂત્ય દિશામાં.
ભંડારવાડા હિલ્લ—પૂર્વે મજગામમાં.
બૈરે હિલ્લ—પૂર્વે સીવરી પાસે છે.

સમુદ્ર, અખાત અને ખાડી.

માહિમની ખાડી—માહિમ અને વાંદરાની વચ્ચે.
માહિમનો અખાત—માહિમની પશ્ચિમમાં.
વરલીની ખાડી—હાજી અલ્લી અને મામા અજાનીની વચ્ચે.
આરેબી સમુદ્ર—બેટની પશ્ચિમમાં.
બૅકબે—બેટની દક્ષિણમાં, કોલાબા અને મલબાર હિલ્લની વચ્ચે.

આરબી અખાત—બેટની પૂર્વમાં, મુંબઇ બેટ અને કોકણની વચ્ચે.

તળાવો.

નાયગામનું—નાયગામમાં.

પરેલનું—પરેલમાં.

સાંકળીયું—ભોંયખળાના પૂલની પાસે છે.

બાબુલા તળાવ—સર જમસેદજી જીજીભાઇની ઇસપીટાલની પાસે છે.

મહાલક્ષ્મીનું—મહાલક્ષ્મીમાં છે.

વાલકેશ્વરનું—વાલકેશ્વરમાં છે.

ગોવાળીયા તળાવ—શેઠ ગોકળદાસ તેજપાળ બોરડીંગ સ્કુલની પાસે છે.

કાવસજીપટેલ તળાવ—કાંદાવાડીમાં પેસતાં જમણી બાજુએ છે.

ભૂલેશ્વરનું
મોમાદેવીનું } ભૂલેશ્વર વિભાગમાંછે.

ધોબી તળાવ—મેદાનને નાકે શેઠ કાવસજી જહાંગીરજી ઇન્સ્ટીટયુટની પાસે છે.

એ શિવાય બાબુલનાથ આગળના ડુંગર ઉપર તથા વાડીબંદર આગળના ડુંગર ઉપર બે નવા તળાવો ખોદી તેમાં વેહારનું તથા તુળસીના તળાવનું પાણી લાવી શહેરમાં પહોંચતું કરે છે.

મુખ્ય બંદરો.

માંડવીબંદર, આર્થરબંદર, પાલવાબંદર, બોરીબંદર, કોળીબંદર, કરનાકબંદર, મસજિદબંદર, ચીચબંદર, કલેરબંદર, એલફિન્સટનબંદર, વાડીબંદર, ટાંકબંદર, અને કોલસાબંદર.

રેલવે સ્ટેશનો.

વડોદરા રેલવેના સ્ટેશનો.—કોલાબા, ચર્ચગેટ, મરીનલાઇન, ચાર્નિરોડ, ગ્રાન્ટરોડ, મહાલક્ષ્મી, એલફીસ્ટન, પરેલ, દાદર અને માહિમ.

જી. આઈ. પી રેલવેના સ્ટેશનો—બોરીબંદર, મસજિદ બંદર, ભાયખળા, ચિંચપોકલી, કરીરોડ, પરેલ, દાદર અને માટુંગા.

ટ્રામવે.

કોલાબા, મોદીબે, ક્રાફર્ડ માર્કિટ, ફૂકશાંકરોડ, કાળકાદેવી, ગીરગામ, બંગડીબજાર, પાયધોણી, ગ્રાન્ટરોડ, પરેલ વગેરે રસ્તાઓ ઉપર ટ્રામવેની ગાડી ચાલેછે. એનું મ્હોટું મથક કોલાબે છે.

જોવાલાયક ઠેકાણાં.

કોલાબાની દીવાદાંડી, કોલાબા ઑબઝરવેટરી, ગાંડા માણસોને રાખવાની ઇસિપીટાલ, ટૌઊન હૉલ (ટૉઊલ) ટંકસાલ, રાજાબાઇ ટાવર, નવી હાઇકોર્ટ, સેક્રેટરીએટ, જનરલ પોસ્ટ ઑફિસ, જી. આઇ. પી. રેલવેનું નવું બાંધેલું સ્ટેશન, પ્રિન્સ ડૉક, વિકટોરિયા ગાર્ડન, અને વાલકેશ્વરમાં શેઠ જીવારજ બાલુનો દરીઆમહેલ છે.

ઇસિપીટાલ તથા ધર્માઉ દવાખાનાં.

સરજમસેદજી જીજીભાઇની ઇસિપીટાલ સૌથી મ્હોટી છે. એનો સઘળો વહિવટ સરકાર કરે છે. વળી ક્રાફર્ડ માર્કિટનીસાંમે શેઠ ગોકળદાસ તેજપાળની ઇસપીટાલછે. તેનો ચાલુ ખર્ચ મુંબઇની મ્યુનિસિપાલિટી આપે છે. એ ઉપરાંત જકરીઆ મસજિદ આગળ શેઠ માણેકજી પીટીનું દવાખાનું છે, ખોજામ્હોલ્લામાં ખોજાઓને માટે શેઠ સાજનભાઇ મેરાલીનું દવાખાનું છે.—ને ખેતવાડીમાં તથા ધોબી તળાવ ઉપર નેટિવ

જનરલ ડિસ્પેન્સનરી છે. કાળકાદેવીના રસ્તા ઉપર કેટલાક સદગૃહસ્થોથી ચાલતું હોમીઓ પાથીક ધર્મનું દવાખાનું છે. શેઠ જાફ્ર સુલેમાન વાળું ધર્મનું દવાખાનું બોરીબંદરના સ્ટેશન પાસે આવેલું છે, ત્યાં ફ્કત સ્ત્રીઓને તથા બાળકોને દવા આપવામાં આવેછે, જેમને તપાસવા માટે એક ખાસ અંગ્રેજ સ્ત્રીડાકટર છે. ફ્રોર્ટમેટીટયુડસ ડિસપેન્સરી કોટમાં બરાકના રસ્તાપર છે. શેઠ જગંનાથ શંકર શેઠનું ધર્મનું દવાખાનું ગોવાળીઆ તળાવ આગળ પોતાની વાડીએ છે. શેઠ લવજી વાડીયાનું ધર્મનું દવાખાનું પરેલમાં છે. બોરીબંદરના સ્ટેશન સાંમે કામાં હ્રસપીતાલ છે, જેમાં જાનવરોને મફ્ત દવા કરવામાં આવે છે. .

કેળવણી ખાતાં.

સરકાર તરફ્થી ચાલતી આશરે વીસેક ગુજરાતી તથા અંગ્રેજી સ્કૂલો તથા આસરે ચાળીસેક ખાનગી સ્કૂલો છે, અને એક સરકારી તથા આઠ ખાનગી હાઇસ્કૂલો છે, જેઓ મેટ્રિકયુલેશનની પરીક્ષા જેટલો અભ્યાસ કરાવે છે. મેટ્રિકયુલેશનની પરીક્ષામાં પાસ થયલા વિદ્યાર્થીઓ સારૂ બે કૉલેજો છે જેમાંની એકમાં વૈદક શાસ્ત્રનું જ્ઞાન, અને બીજીમાં કુદરતી વિદ્યાસંબંધી, કાયદા સંબંધી વગેરે જ્ઞાન આપવામાં આવે છે. વળી સરજમસેદજી જીજીભાઇ સ્કૂલ ઑફ્આર્ટસમાં ચિત્રકળા વગેરે હુનરો શિખવવામાં આવે છે. સ્ત્રી કેળવણીનું કામ પણ આ શહેરમાં ઘણું સારૂં ચાલે છે. સરકારી તથા ખાનગી મળીને આસરે પંદરેક કન્યા શાળાઓ છે. ખોજાઓની છોકરીને માટે બે તથા પારસીની છોકરીઓને માટે પારસી પંચાત તરફ્થી આસરે આઠેક કન્યાશાળાઓ છે.

વસ્તી.

બેટની સઘળી વસ્તી દક્ષિણ ભાગ ઉપર આવેલી કચ્છી ભાટિયા, કચ્છી લુવાણા તથા કચ્છી ખોજા, મેમણ વગેરેની બેટના પૂર્વ ભાગ ઉપર આવેલી છે. ગૂજરાતી લોકો ઘણાખરા ભૂલેશ્વર અને મામાદેવીની આસપાસના જિલ્લાઓમાં છે. દક્ષણિની વસ્તી બેટના દક્ષિણ પશ્ચિમ ભાગમાં આવેલી છે. મુસલમાનની પાયધોણી, ભીંડીબજાર વગેરે ઠેકાણે છે. પારસીઓની ધોબીતળાવ, ચીરાબજાર, અલાઇબાગ આગળ વગેરે ઠેકાણે છુટી છુટી છે. હોરાઓની જુમા મસજિદની આસપાસના જિલ્લામાં આવેલી છે. કોટની વસ્તી ઘણું કરીને ભાટિયા, છાપરીઆ અને પારસીની છે. અંગ્રેજ લોકની ભોંયખળે, ગ્રાન્ટરોડ, વાલકેશ્વર વગેરે ઠેકાણે છે.

પેદાશ તથા હુન્નર.

ખેતીની પેદાશમાં ડાંગર (પટની ચોખા) છે. ભાજીપાલામાં કાંદા, દુધી, કારેલાં, વેંગણ, ચોળી, પાપડી, વગેરે સર્વે શાકભાજી નીપજે છે. નારીએળી તથા તાડનો પેદાશ પણ સારીછે. એ બેટમાં વરાળ યંત્રથી ચાલતા ઘણીક તરેહના સાંચાઓ ચાલેછે, જેવાકે સુતરાઉ તથા રેશમી કાપડ વણવાના, આઇસ (બરફ) બનાવવાના, તેલ કાઢવાના, ઘઉં દળવાના વગેરે ઘણી જાતના સાંચાઓ છે. તેમાં સુતર કાંતવાનાં તથા કાપડ વણવાનાં સાંચા ચાલે છે તેથી હજારો માણસોનું ગુજરાન ચાલેછે.

મુંબઇ ઇલાકો.

હિંદુસ્તાનની પશ્ચિમ બાજુએ મુંબઇ ઇલાકાનો એક લાંબો અને સાંકડો મુલક છે. એની લંબાઇ આસરે ૧૦૦૦ મૈલ છે. અને

એની સરાસરી પહોળાઇ આસરે ૧૯૦ મૈલ છે; એનું ક્ષેત્રફળ ૧૯૭૮૭૫ ચોરસ માઇલ છે. ને વસ્તીની કુલસંખ્યા ૨૩૩૯૫૬૬છે. **સીમા**—ઉત્તરે બલૂચિસ્તાન અને પંજાબ પ્રાંત; પશ્ચિમે બલૂચિસ્તાન અને આરબી સમુદ્ર; દક્ષિણે મદ્રાસ ઇલાકાનો મૈસોર પ્રાંત અને પૂર્વે રજપૂતાના, મધ્યહિંદુસ્તાનના સંસ્થાનો, મધ્યપ્રાંત, બીરાર અને હૈદ્રાબાદ છે.

મુંબઇ ઇલાકાના મુખ્ય ભાગ.

મુંબઇ ઇલાકાના પાંચ ભાગ કર્યાછે. ઉત્તરથી શરૂ કરતાં **(૧) સિંધ, (૨) કચ્છ, (૩) ગુજરાત, (૪) મહારાષ્ટ્ર** એમાં દક્ષિણ અને કોંકણછે. **(૫) દક્ષિણ મહારાષ્ટ્ર અને ઉત્તરકાનડા.**

મુંબઇ ઇલાકાના મુખ્ય પર્વત.

૧. **હાલા પર્વત**—સિંધ પ્રાંતની પશ્ચિમે છે.

૨. **ગિરનાર પર્વત**—કાઠિઆવાડમાં છે.

૩. **સાતપુડા પર્વત**—ઇંદોર અને ખાનદેશના તાબાના મુલકોની વચ્ચે છે.

૪. **સહ્યાદ્રિ પર્વત અથવા પશ્ચિમઘાટ**—દક્ષિણદેશ અને કોકણની વચ્ચે છે.

મુંબઇ ઇલાકાના મુખ્ય અખાત.

૧. **કચ્છનો અખાત**—કચ્છ અને કાઠીઆવાડની વચ્ચે.

૨. **ખંભાતનો અખાત**—કાઠીઆવાડની પૂર્વે.

મુંબઈ ઇલાકાની મુખ્ય નદી.

સિંધુ—હિમાલયપર્વતમાંથી નીકળી સિંધપ્રાંતમાં થઇને અરબીસમુદ્રને મળેછે.

બનાસ } શીરોઇના ડુંગરમાંથી નીકળેછે ને કચ્છના
સરસ્વતી } રણમાં વહેછે.

સાબરમતી—એરાવલી ડુંગરાના છેડા આગળથી નીકળી ગુજરાતમાં થઇને ખંબાતના અખાતને મળેછે.

મહિ—માળવામાંથી નીકળી ખંબાતના અખાતને મળેછે.

નર્મદા } સાતપુડા પર્વતમાંથી નીકળી ગુજરાતમાં વહીને
તાપી } ખંબાતના અખાતને મળેછે.

કીમ—રાજપીપળાના ડુંગરમાંથી નીકળી ગુજરાતમાં વહી ખંબાતના અખાતને મળેછે.

ગોદાવરી—નાશક પાસે ત્ર્યંબકમાં પશ્ચિમઘાટમાંથી નીકળી દક્ષિણ પ્રાંતમાં હૈદ્રાબાદ ને કર્નાટકમાં થઇ બંગાળાના ઉપસાગરને મળેછે.

નીરા—એ સતારા જિલ્લાની ઇશાન કોણમાં ભીમાને મળેછે.

ભીમા—પુના જિલ્લાની પૂર્વબાજુએ છે.

કૃષ્ણા—સતારા પાસે મહાબળેશ્વર આગળ પશ્ચિમ ઘાટમાંથી નીકળી, દક્ષિણ પ્રાંતમાં થઇ બંગાળાના ઉપસાગરને મળેછે.

તુંગભદ્રા—એ નદી નિઝામના રાજ્યમાં રૈચુરની પેલીમેર કૃષ્ણાને મળેછે.

મુંબઈ ઈલાકાની રાજ્યરીતિ.

આખા મુંબઇ ઇલાકા ઉપર એક અંગ્રેજ અમલદાર હકુમત ચલાવેછે જેને "**ગવર્નનર**" કહેછે. એની નેમણુક ઇંગ્લંડની મહારાણી કરેછે. એને રાજ્ય કારભારમાં સલાહ આપવાને અને મદદ કરવાને બીજા ત્રણ મોટા અધિકારિઓ હોયછે, જેઓને "**કાઉન્સિલર**". કહેછે. એઓમાંનો એક મહેસુલ ખાતાનો, બીજો ન્યાયખાતાનો, અને ત્રીજો (સેનાધિપતિ) લશ્કરીખાતાનો વહીવટ ચલાવેછે. મુંબઇ શહેરમાં ઇનસાફ કરવાને એક "**હાઇકોર્ટ**" (મોટી અદાલતછે.) તેનો ન્યાયાધિશ ઇલાકાની સઘળી અદાલતો ઉપર દેખરેખ રાખેછે. વળી એક બીજી કોર્ટ (અદાલત) છે. જ્યાં જિલ્લાઓ વગેરેના ન્યાયાધિશોએ કરેલા ઇનસાફો ઉપર અપીલ સાંભળવામાં આવે છે. વડોદરા શિવાય ઇલાકામાંનાં બીજાં સઘળાં દેશી રાજ્યો મુંબઇના ગવર્નરના તાબા હેઠળ છે. દેશી સંસ્થાનો અને એજન્સિમાં સરકાર તરફથી **પોલિટિકલ એજંટો** રહેછે. એ અમલદારોને મદદ કરવાને એમના હાથ નીચે એ કે વધારે આસિસ્ટંટ પોલિટિકલ એજંટો છે. દેશી રાજાઓને અને તેઓના કારભારીઓને રાજ્યકારભારમાં સલાહ આપવાનું, રાજા રજવાડામાં વાંધા પડે તેના ફેસલા કરવાનું, તેમને એકએક જોડે લડતા તથા એકએકનો મુલક લુટતાં અટકાવવાનું, રાજા રજવાડામાંથી ખંડણી વસુલ કરી ગાયકવાડ કે બીજા સંસ્થાનોમાં ભરવી હોય ત્યાં ભરવાનું, અને રૈયત ઉપર થતા જુલમો અટકાવવાનું કામ એ અધિકારીઓને સોંપ્યું છે.

મુંબઇના ગવર્નરના હાથ નીચે બીજા ચાર "**કમિશનર**" હોયછે, તેઓને ઇલાકાના સાધળા જિલ્લા સોંપેલા હોય છે. દરએક જી-

લ્લાનો કારભાર કરવાને કમિશનરોના હાથ નીચે કલેક્ટર કે માજિસ્ટ્રેટ છે. તેઓ સરકાર તરફથી જમાબંદી વસુલ કરે છે ને ખરચ થાય તે આપે છે; ને મુલ્કી, ફોજદારી તથા લોકોપયોગી હરેક બીજા કામ ઉપર નીઘા રાખે છે. એના હાથ નીચે ઘણું કરીને બે ત્રણ આસિસ્ટંટ કલેકટર, એક ડિસ્ટ્રિક્ટ ડેપ્યુટી કલેકટર અને હજુર ડેપ્યુટી કલેકટર હોયછે. આસિસ્ટંટ કલેકટર અને ડિસ્ટ્રિક્ટ ડેપ્યુટી કલેકટરને તાલુકાની દેખરેખ સોંપીછે. હજુર ડેપ્યુટી કલેકટર જિલ્લાના મુખ્ય શહેરમાં રહી તીજોરી વગેરેનું કામકાજ કરે છે. દરેક તાલુકામાં કલેકટરની વત મામલતદાર રહે છે. જો પરગણું મોટું હોય તો મામલતદારના હાથ નીચે મહાલકરી કે થાણાદારને તેમાંનાં ભાગ સોંપેછે. મામલતદારની કચેરીમાં પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ તરફથી ફોજદાર રહે છે.

સિંધપ્રાંત.

એની ઉત્તરે બલૂચિસ્તાન અને પંજાબ; પશ્ચિમે હાલા અને સુલેમાન પર્વત; દક્ષિણે કચ્છનું રણ અને આરબી સમુદ્ર અને પૂર્વે જસલમેરનું રણ અને રજપૂત સંસ્થાન છે.

એમાં પોણો ભાગ મુસલમાની ધર્મ પાળે છે. એની મુખ્ય ભાષા સિંધી અને બલૂચી છે. એમાં વરસાદ થોડો વરસેછે, પણ માર્ચથી તે સપ્ટેંબર સુધીમાં સિંધુ નદીમાં રેલ આવે છે તેનું પાણી આસપાસના મુલકોમાં ફરી વળેછે, તેથી ધરતી રસાળ થાય છે.

સિંધ પ્રાંતના વિભાગો અને શેહેરો.

જિલ્લા.	મુખ્યશેહેર.
શિકારપુર...............	શિકારપુર ; સક્કર (સિંધુ નદીને કાંઠે વ્યાપારનાં મુખ્ય મથક છે.)
હૈદ્રાબાદ...............	હૈદ્રાબાદ (સિંધની રાજ્યધાની સિંધુનદી ઉપર છે. એ શેહરની પાસે ૧૮૪૩માં સર ચાર્લ્સ નેપીઅરે સિંધના અમીરોને હરાવ્યા.)
કરાંચી	કરાંચી (એ ભરવસ્તીવાળુંને વ્યાપારનું મુખ્ય બંદર છે.)
સિંધનો ઊપલો સરહદનો મુલક	જેકબાબાદ.
થરપારકર...............	અમરકોટ એમાં ૧૫૪૩ માં અકબર જનમ્યો હતો.
ખૈરપુર......—.........	ખૈરપુર.

ગુજરાત.

ગુજરાત પ્રાંતનો કેટલોક ભાગ અંગ્રેજ સરકારનો ખાલસા છે, ને બાકીનો દેશીરાજાઓનો છે. એ પ્રાંતમાં ઘણાખરા લોકો હિંદુ-ધર્મ પાળેછે ને તેઓની મુખ્ય ભાષા ગુજરાતી છે.

ગુજરાત પ્રાંતના બધા મળી ૨૪ વિભાગ કરવામાં આવેલાછે, તેમાં પાંચ જિલ્લા, ત્રણ દેશી સંસ્થાન અને ૬ એજન્સી છે. એનું

મુખ્ય શેહેર અમદાવાદ છે. તે સાબરમતી નદી ઉપર આવેલું છે. ગુજરાતપ્રાંતનાં મુખ્ય બંદર સુરત, ભરૂચ, ખંભાત, ઘોઘા, પોરબંદર અને કચ્છમાંડવી છે. ગુજરાત પ્રાંતની મુખ્ય નદીઓ સાબરમતી, નર્મદા તાપી, કીમ, પૂર્ણા અને બનાસ છે.

ગુજરાત પ્રાંતના વિભાગો.

જિલ્લા.	સંસ્થાનો.	એજન્સિ.
૧ સુરત.	૬ કચ્છ.	૯ કાઠીયાવાડ.
૨ ભરૂચ.	૭ વડોદરા(ગાયકવાડનો મુલક.)	૧૦ પાલણપુર.
૩ ખેડા.	૮ ખંભાત.	૧૧ મહીકાંઠા.
૪ પંચમહાલ.	,,	૧૨ રેવાકાંઠા.
૫ અમદાબાદ.	,,	૧૩ પંચમહાલ.
		૧૪ સુરત.

સુરત જિલ્લો.

એ જિલ્લાની ઉત્તરે કીમ નદી, પૂર્વે ગાયકવાડનો મુલક, તથા વાંસદા, ધરમપોરનાં રાજ્યો, દક્ષિણે દમણગંગા નદી, અને પશ્ચિમે અરબી સમુદ્ર અને ખંભાતનો અખાત છે. એ જિલ્લાની જમીન ઘણીખરી રસાળ છે. **એમાં તાપી, કીમ, મીંઢોળા, પૂર્ણા, અંબિકા, પાર, કોલક** વગેરે નદી છે. એ જિલ્લાની મુખ્ય પેદાસ ડાંગર, જુવાર, ઘઉં, કઠોળ, બાજરી, દીવેલી, નાગલી, કોદ્રા, શેરડી, અને કેળાંની છે. કેટલેક ઠેકાણે તમાકુ ને બીંડી થાયછે. એ જિલ્લાનું મુખ્ય શહેર **સુરત** છે, તે તાપી નદીઉપર આવેલું છે. એમાં અંગ્રેજ, ફ્રેંચ અને વલંદા વેપારીઓએ કોઠી સ્થાપી હતી. એ આગળ

ઘણી વસ્તીવાળું ને પૈસાવાળું હતું, પણ વારંવારની મોટી આગો, રેલો, અને મુંબઈ વ્યાપારનું મુખ્ય બંદર થવાથી એ શહેરનો વ્યાપાર ઘણોખરો તુટી ગયોછે. એ જીલ્લાના **પારડી, વલસાડ, ચીકલી, જલાલપોર, બારડોલી, માંડવી, ચોર્યાશી, અને ઓરપાડ** નામના ૮ તાલુકા કરેલા છે.

ભરૂચ જિલ્લો.

ભરૂચ જિલ્લાની ઉત્તરે મહી નદી, પશ્ચિમે ખંબાતનો અખાત, દક્ષિણે કીમ નદી અને પૂર્વે ગાયકવાડનો મુલક છે. નર્મદાના મુખ આગળની જમીન ઘણી રસાળ હોવાથી ખેતી સારી થાય છે. ભરૂચમાં સૂતર કાંતવાનાં મોટા વરાળથી ચાલતા રેંટિયા છે તથા કાપડ વણવાનાં તેમજ કપાસ લોઢવાનાં ઘણાં વરાળયંત્રો છે. એની મુખ્ય પેદાસ રૂછે. ચોમાસમાં જુવાર, ડાંગર, બાજરી, તુવર અને મગ પાકેછે અને શિયાળામાં ઘઉં, તલ, વટાણા, ચણા, વાલ, દીવેલી અને તમાકુ પાકેછે. એ જિલ્લાનું મુખ્ય શહેર **ભરૂચ** છે તે નર્મદા નદીના મુખઆગળ છે, અને એશિવાય બીજાં મોટાં શહેરો **અંકલેશ્વર, હાંસોટ, જંબુસર,** અને **આમોદ** છે. એ જિલ્લાના **ભરૂચ, અંકલેશ્વર, વાગરા, આમોદ,** અને **જંબુસર** નામના પાંચ તાલુકા છે.

ખેડા જિલ્લો.

ખેડા જિલ્લાની ઉત્તરે અમદાવાદ જિલ્લો, ગાયકવાડ અને મહીકાંઠા એજન્સિનો કેટલોક મુલક અને રેવાકાંઠા એજન્સિમાનું વાડાસિનોરનું નહાનું રાજ્ય, પશ્ચિમે ખંબાતનું સંસ્થાન અને અમદાવાદ જિલ્લો, દક્ષિણે અને પૂર્વે મહી નદી આવી પંચમહાલ,

ગાયકવાડનો મુલક તથા ભરૂચ જિલ્લાથી તેને જુદો પાડે છે, એ જિલ્લાની જમીન સપાટ અને રસાળ છે. એમાં કેટલીક નદીઓ છે તેમાં મહીનદી મુખ્ય છે. એના મુખ્ય શહેર **ખેડા**, **નડીઆદ**, **કપડવંજ**, **ડાકોર**, **ઉમરેઠ**, અને, **બોરસદ** છે. એ જિલ્લામાં બીજા બધા પાક કરતાં બાજરી તથા તમાકુ પુષ્કળ થાય છે. એના **કપડવંજ**, **ઠાસરા**, **નડીઆદ**, **મહેમદાવાદ** ,**માતર**, **આણંદ** અને **બોરસદ** નામના ૭ તાલુકા કરેલા છે.

પંચમહાલ જિલ્લો.

પંચમહાલ જિલ્લો ખેડા જિલ્લાની પૂર્વે આવેલો છે. એ જિલ્લાના બે ભાગ થયલા છે તેમાંના એક ભાગનું મુખ્ય શહેર **દાહોદ** અને બીજાનું **ગોધરા**, છે. એ જિલ્લાની જમીન ઉંચી નીચી અને વેરાન છે તેથી ખેતીની હાલત સારી નથી. એ જિલ્લાના **ગોધરા**, **કાલોલ** અને **દાહોદ** નામનાં ત્રણ તાલુકા છે.

અમદાવાદ જિલ્લો.

આ જિલ્લો ગુજરાતના બીજા જિલ્લાઓની ઉત્તરે આવેલો છે. એમાં મુખ્ય નદી **સાબરમતી** છે. ઉત્તર ભાગમાં નીચા ડુંગરા આવેલા છે તથા **ધોધા** તાલુકામાં કેટલાક ડુંગરા છે, પરંતુ બાકીનો મુલક સપાટ મેદાન છે. એ જિલ્લામાં ખેતીવાડીનું કામ સારૂં ચાલેછે. અમદાવાદ જિલ્લાનું મુખ્ય શહેર **અમદાવાદ** છે તે સાબરમતીને કાંઠે આવેલું છે. એ શહેરમાં રેશમ, સૂતર અને કસબનાં પુષ્કળ કારખાનાં તથા આગલા વખતની ઘણી સુંદર ઇમારતો છે. આર્ટસ

કાલેજ, મેડિકલસ્કૂલ, બે હાઇસ્કૂલ, બે પ્રાન્ય સ્કૂલો, પાંચ વર્નાક્યુલર સ્કુલ, બે ટ્રેનીંગ કોલેજ, ત્રણ કન્યા શાળા, ત્રણ લાયબ્રેરીઓ, ચાર ધર્મનાદવાખાનાં, અને છાપખાનાં છે. અમદાવાદ જિલ્લાનાં ૭ તાલુકા કરેલાછે. તે નીચેપ્રમાણે **પ્રાંતીજ, વીરમગામ, ધોળકા,** દસક્રોઈ, **ધંધુકા, ઘોઘા, સાણંદ; પાટડી** અને **મોડાસા** બે પેટા **તાલુકા**છે. એ જિલ્લામાં બીજાં મોટાં શેહેરો **વીરમગામ, ધોળકા, ધોલેરા,** અને **ઘોઘા** છે. એ જિલ્લાની મુખ્ય પેદાસ, રૂ, ગળી, દીવેલી. ડાંગર, જુવાર, ચણા, તંબાકુ, શેરડી અને તલ છે.

કચ્છ સંસ્થાન.

કચ્છ દેશ સિંધ અને કાઠીઆવાડની વચ્ચે છે. એની ઉત્તરે રણ (રેતીનું મેદાન) છે, તે ચોમાસામાં પાણીથી ભરપૂર હોયછે ત્યારે કચ્છ જાણે બેટ હોય તેમ દેખાય છે. એ દેશનો દક્ષિણ કાંઠો તદન સપાટ અને ભૂમિ રસાળ છે. બાકીની સર્વે દિશાએ ડુંગરા અને પથરાવાળી જમીન છે. એમાં એકે નદી નથી, પરંતુ કેટલાક પાણીના વહેળા છે. કચ્છમાં હિંદુ **રાજાછે,** જે, **રાવના** નામથી ઓળખાયછે. કચ્છનું મુખ્ય શહેર **ભૂજ** છે. ભૂજનું કસબી અને હીરનું ભરત અને સોના રૂપાની નકસીદાર કારીગરીઓ ઘણી વખણાયછે. દેશમાં સુતરઉ અને રેશમી કાપડ વણવાનાં કારખાનાં છે, **ભૂજમાં પોલિટિકલ એજન્ટ** રહેછે. એ શહેરમાં કેળવણી આપવાનું કામ ઘણુંસારૂં ચાલે છે. બીજું શહેર **માંડવી** બંદર છે. એ મોટા વેપારનું સ્થળ છે, એમાં વસ્તી ભારે છે, કચ્છની મુખ્ય નિકાસ બાજરી, જુવાર, મીઠું, મગ, ઘઉં, મઠ, રૂ, ઉન, દીવેલી, રાઇ વગેરે છે.

ગાયકવાડ સંસ્થાન.

એના તાબાનાં ગામો ઘણુંખરાં વીખરાતાં અને બીજા રાજ્યો જોડે સેળભેળ થઇ ગયાં છે. મુંબઇ ઇલાકાના દેશી રાજ્યોમાં એ સર્વેથી મોટું ગણાય છે. એ રાજ્ય આગળ **મુંબઇના ગવર્નરના** તાબામાં હતું, પણ થોડાંવર્ષ થયાં એ **હિંદુસ્થાનના ગવર્નર જનરલના** તાબામાં છે. એ રાજ્ય ઉપર દેખરેખ રાખવાને ગવર્નરજનરલનો એજન્ટ તથા ફોજ રહે છે; એનુ મુખ્ય શહેર **વડોદરા** છે, ને તેમાં **ગાયકવાડ મહારાજ** રહે છે; આ શહેરમાં કેટલીક સુંદર ઇમારતો અને કેળવણી આપવાનાં શોભાયમાન મકાન બાંધેલાં છે. એ સંસ્થાનનાં બીજાં મોટાં શેહેરો **નવસારી**, ગણદેવા, **અમરેલી**, **પાટણ સિદ્ધપુર** અને કડી છે.

ખંભાત સંસ્થાન.

એની ઉત્તરે અને પૂર્વે ખેડા જિલ્લો, અગ્નિ કોણમાં ગાયકવાડનો મુલક, દક્ષિણે મહીનદી અને ખંભાતનો અખાત, અને પશ્ચિમે સાબરમતી નદી અને અમદાવાદ જિલ્લો છે. એ તદન સપાટ અને નદી વિનાનું છે. એ સંસ્થાનનો હાકેમ મુગલછે, તે **નવાબના** નામથી ઓળખાય છે. એ સંસ્થાન ખેડાના કલેકટરના ઉપરીપણા નીચે છે. એનું મુખ્ય શેહેર **ખંભાત** છે. તે મહીનદીને કાંઠે તેના મુખ આગળ છે. એમાં બાજરી, જુવાર, ઘઉં, મીઠું, રૂ, ગળી અને અફીણ વગેરે પાકે છે. સુતરૌ કાપડ અને શેત્રંજી ખંભાતમાં બને છે.

કાઠિયાવાડ એજન્સિ.

કાઠિયાવાડનું નામ અસલ સૌરાષ્ટ્ર હતું. કાઠિયાવાડ મુંબઇ ઇલાકાની પશ્ચિમે ને કચ્છ અને ખંભાતની વચ્ચે એક મોટો દ્વિપકલ્પ છે.

એમાં કોઇ મોટી નદી નથી. એના રાજ્ય કાજનો બંદોબસ્ત રાખવાને અંગ્રેજો તરફથી મુખ્ય અધિકારી **પોલિટિકલ એજન્ટ** રહે છે, જેની કચેરી **રાજકોટ** શહેરમાં છે. એ એજન્સિના ચાર પ્રાંત કર્યા છે, એમાંના દરેકને માટે આસિસ્ટંટ પોલિટિકલ એજન્ટ છે.

એજન્સિના વિભાગો.	**આ. પો. એજન્ટ સાહેબની કચેરી**
૧ **ઝાલાવાડ.**	વઢવાણ.
૨ **ગોહેલવાડ.**	સોનગઢ.
૩ **સોરઠ.**	માણેકવાડા.
૪ **હાલાર.**	રાજકોટ.

કાઠિયાવાડમાં પાંચ પહાડ છે (**ચોટીલા, મોરધાર** અને **લાંબધાર**; એની પાસે પાલીતાણાનો પ્રખ્યાત ડુંગર **શેત્રુંજો** છે; ૩ **ગીરપર્વત; ૪ ગિરનાર; ૫ બડીપર્વત**). કાઠિયાવાડનાં બધા મળી ૨૧૮ સંસ્થાનો છે. જેમાંનાં મુખ્ય નીચે જણાવ્યાં છે. તેમાં **ભાવનગરનું** સંસ્થાન વ્યાપાર અને કેળવણીમાં સર્વથી સરસ થયું છે. ભાવનગર તથા ગોંડળદરબારે પોતાને ખર્ચે રેલવે બાંધીછે, તે વઢવાણથી ભાવનગર અને ભાવનગરથી ગોંડળ તાબાના ગામ **ધોરાજી** સુધી જાયછે. કાઠિયાવાડ એજન્સિમાં હિંદુ લોકોનાં મોટાં તીર્થ છે. તેઓમાં મુખ્ય **દ્વારકાં સોમનાથ** કે **પ્રભાસપાટણ** તથા **પાલીતાણા** છે. (એમાં છેલ્લું શ્રાવક લોકના ધર્મનું છે.)

૧ **જુનાગઢ.**	૬ **મોરબી.**
૨ **નવાનગર.**	૭ **લીમડી.**
૩ **ભાવનગર.**	૮ **રાજકોટ.**
૪ **ધ્રાંગધ્રા.**	૯ **ગોંડળ.**
૫ **પોરબંદર.**	૧૦ **વઢવાણ.**

પાલણપુર એજન્સિ.

એ એજન્સિ ગુજરાતની ઉત્તરે છે. એમાં **બનાસ** અને **સરસ્વતી** નદી વહે છે. એની નિકાસ. બાજરી, જુવાર, ઘઉં, મગ, મઠ, ડાંગર ૩ અને શેરડી વગેરે છે. એમાં મુખ્ય સંસ્થાન **૧૧** છે, તેમાંનાં **પાલણપુર** અને **કાંક્રેજ** ગાયકવાડને ખંડણી આપેછે, ને બાકીનાને શિર ખંડણી નથી. એ સંસ્થાનોમાં **પાલણપુર** અને **રાધનપુરના** સંસ્થાનો મુખ્ય છે. એમાં મુખ્ય શહેરો **પાલણપુર**, **ડીસા** અને **રાધનપુર** છે. પાલણપુરમાં **પોલિટિકલ એજન્ટ** રહેછે અને **ડિસામાં** અંગ્રેજી લશ્કરની છાવણી છે. ઉપર જણાવેલા **૧૧** સંસ્થાનોમાં **પાલનપુર**, **રાધનપુર**, **વારાઈ**, **તેરવાડા** એ મુસલમાની સંસ્થાનો છે; **થરાદ**, **મારવાડ**, **વાવ**, **સુઈગામ**, **દેવદર**, **ચીરચટ**, તથા **સાંતલપુર** રજપુત સંસ્થાન અને **ભાભરે**, અને **કાંક્રેજ** કોળી સંસ્થાન છે.

મહિકાંઠા એજન્સિ.

એ એજન્સિ ગુજરાતની ઈશાન કોણમાં છે. એની ઉત્તરે અને પૂર્વે ડુંગરો અને જંગલો છે, પરંતુ બાકીનો પ્રદેશ સપાટ છે. એ પોલિટિકલ એજંટના ઉપરીપણા નીચે છે. તે **સાદરામાં** રહે છે. એમાં **સાબરમતી** નદી વહેછે. એમાં બધા મળી ૪૮ ઠાકોરોનો અમલછે. એ એજન્સિનું મુખ્ય સંસ્થાન ઇડર છે.

રેવકાંઠા એજન્સિ.

એ એજન્સિ ગુજરાતની પૂર્વેછે. એમાં **મહી** અને **નર્મદા** નદી અને **રાજપીપળા** નામે પર્વત છે. એ એજન્સિ પોલિટિકલ

એજંટના ઉપરીપણા નીચે છે. તે વડોદરા કાંપમાં રહે છે. એ એજન્સિના ૭ સંસ્થાનોછે-૧ રાજપીંપળા; ૨ છોટાઉદેપુર; ૩ બારીઆ; ૪ લુણાવાડા, ૫ સુંથ; ૬ વાડાસીનોર. એ સંસ્થાનોમાં મોટામાં મોટું સંસ્થાન રાજપીપળાનું છે. તેમાં મુખ્ય શેહેર નાંદોદ છે, તેમાં રાજા રહેછે.

પંચમહાલ એજન્સિ.

પંચમહાલમાં ગવર્નરનો એજંટ રહેછે.એની હવા સારી નથી. એમાં ઇમારતી લાંકડું સારૂં થાયછે. એનું મુખ્ય સંસ્થાન **નારૂકોટ** છે.

સુરત એજન્સિ.

આ એજન્સિ અને સુરત જિલ્લો એક નથી. એમાં **સચીન વાંસદા** અને **ધરમપુર** એ ત્રણ સંસ્થાન છે. તેઓ સુરતના કલેકટરના ઉપરીપણા નીચેછે.

ગુજરાત પ્રાંતનાં મુખ્ય શેહેરો.

૧ અમદાવાદ	૫ વીરમગામ	૯ વડોદરા	૧૩ ભાવનગર
૩ સુરત	૬ ખેડા	૧૦ ભૂજ	૧૪ જુનાગઢ
૩ ભરૂચ	૭ ગોધરા	૧૧ માંડવી	૧૫ રાજકોટ
૪ નડીઆદ	૮ દાહોદ	૧૨ ખંભાત	૧૬ પાલણપુર

દક્ષિણ (દખણ) પ્રાંત.

દખણ પ્રાંત એ હૈદ્રાબાદ પ્રાંત અને સહ્યાદ્રીપર્વતની વચ્ચે આવેલોછે. દક્ષિણ દેશના મેદાનમાં મોટી નદીઓના કાંઠાની ભૂમી ઘણી રસાળ છે; પરંતુ વરસાદ નિયમસર આવતો નથી અને આવે છે તે ઘણો થોડો આવેછે, તેથી એ પ્રાંતમાં કોઇ કોઇ ઠેકાણે ઘણીવાર દુકાળ પડેછે. એ પ્રાંતમાં ગોદાવરી, ભીમા, નીરા, કૃષ્ણા અને તુંગભદ્રા નદીઓછે. એ પ્રાંતની મુખ્ય વસ્તી મરેઠી છે અને તેઓ મરાઠી ભાષા બોલેછે. દક્ષિણ પ્રાંતનું મુખ્ય શહેર પુણા છે. એમાં પહેલા પેશ્વાની રાજ્યગાદી હતી ને એમાં ચોમાસાની ઋતુમાં હવા ઘણી સારી હોયછે, તેથી મુંબઇનો ગવરનર ત્યાં જઇ રહેછે. પુણાની પાસે ખડકી અને કોરગામ છે ત્યાં લશ્કરી છાવણી છે. દક્ષિણ પ્રાંતના નીચે પ્રમાણે વિભાગો છે.

દક્ષિણ પ્રાંતના વિભાગો અને શેહેરો.

વિભાગ.	મુખ્ય શેહેર.
ખાનદેશ જિલ્લો	ધુળિઆ, માલેગામ, નન્દુરબાર અને ભુસાવળ.
નાશક જિલ્લો..........	નાશક (ગોદાવરી નદીના મૂળપાસે છે. એમાં કેટલીક ગુફામા હિંદુલોકોના દેવની મૂર્તિ છે. દર બાર વર્ષે સિંહરાશીનો બ્રહસ્પતિ આવેછે ત્યારે નાશકમાં અને તેની પાસે આવેલા ત્ર્યંબકમાં ગોદાવરીની મોટી જાત્રા ભરાય છે.)

અહંમદનગર જિલ્લો....અહંમદનગર (સીના નદી ઉપરછે. આગળ મુસલમાન રાજાઓની રાજ્યધાની હતી).

પુણા જિલ્લો............પુણા.

સાતારા જિલ્લો............સતારા (એમાં શીવાજીના વંશજો આગળ રાજ્ય કરતા હતા); મહાબળેશ્વર (કૃષ્ણા નદીના મૂળપાસે ૪૫૦૦ ફીટ ઉંચી ટેકરીછે ત્યાં મુંબઇનો ગવર્નર ઉનાળામાં જઇને રહે છે).

સોલાપુર જિલ્લો.........સોલાપુર, બારશી, પંઢરપુર (ભીમાં નદી છેપર પંઢુરપુર હિંદુઓનું જાત્રાનુંઠેકાણું છે)

પેંઠસંસ્થાન, ...પેઠ.

અકલકોટ સંસ્થાન ......અકલકોટ.

ખાનદેશ એજન્સિ.

સતારા એજન્સિ ......ભોર; ફલટણ ઔંધ અને જત.

કોકણ પ્રાંત.

કોકણ પ્રાંત ઘાટ (સહ્યાદ્રિ અને અરબીસમુદ્રની વચ્ચે જમીનનો સાંકડો કકડોછે. એમાં ડાંગર ઉગે એવી ફળદ્રુપ જમીન તથા નાળિએરીની વાડીઓ છે. પરંતુ આખો પ્રાંત ખડબચડો અને વિકટ છે. એમાં ખાઇઓ, પર્વતોની હાર તથા છુટાં શિખરો ઘણાં છે. એમાં

ઘણો કીમતી થોડોએક સાગ થાયછે. ગુજરાતની દક્ષિણે સુરતથી તે પોર્તુગીઝ તાબાના ગોવાપ્રાંત સુધી કોકણના વિભાગની હદ આવેલી છે. કોકણ પ્રાંતના ઘણાખરા લોકો મરાઠી હિંદુઓછે, ને તેઓ મરાઠી બાષા બોલે છે. કોકણ પ્રાંતમાં નહાની નહાની નદીઓ ઘણી છે. એના મુખ્ય બંદરો **મુંબઈ, રત્નાગીરી, વિંગોર્લા** અને **હર્નાઈ** છે. એની મુખ્ય પેદાશ–ડાંગર, શેરડી અને નાળીએરીછે. કોકણ પ્રાંતના નીચે પ્રમાણે સાત વિભગ થયલા છે.

વિભાગ.	મુખ્ય શહેર,
મુંબઇબેટ............	**મુંબઈ** (એનું વર્ણન પહેલું આપેલું છે.)
થાણા જિલ્લો......	**થાણા** (સાલસેટ બેટમાં આવેલું છે.) **કલ્યાણી** (આ ઠેકાણે લોઢાની સડકના બે ફાંટા છે, તેમાંનો એક જબલપોરથી અલાહાબાદ અને કલકત્તા તરફ જાય છે ને બીજો પુણેથઇને મદ્રાસ તરફ જાયછે) **વાંદરા; વસઈ** (એ અસલ ફિરંગી લોકના હાથમાં હતાં. એમાં છેલ્લા પેશ્વા બાજીરાવે સને ૧૮૦૨ માં અંગ્રેજો સાથે કોલકરાર કર્યા; જેથી અંગ્રેજોએ તેને મદદ કરી પાછો પુણાની ગાદીએ બેસાડ્યો.)
કોલાબા જિલ્લો...	**અલીબાગ.**
રત્નાગિરી જિલ્લો....	**રત્નાગિરી; વિંગોર્લા;** (મુંબઇની દક્ષિણે અરબી સમુદ્રના કિનારાપર છે. **વેરિંઆ** (ગોવાની પાસે બંદર છે.

જવાર સંસ્થાન......................જવાર.
જંજિરાસંસ્થાન......................જંજિરા.
સાવંતવાડીસંસ્થાન..................સાવંતવાડી.

દક્ષિણ મહરાષ્ટ્રદેશ અને ઉત્તર કનેડા.

દક્ષિણ મહારાષ્ટ્રદેશ એ દશિણ પ્રાંતની દક્ષિણેછે. એ દેશનો પૂર્વ તરફનો ભાગ સપાટ અને રસાળ છે એમાં કૃષ્ણા અને તુંગભદ્રા નદી વહેછે. એમાં વિસ્તીર્ણ મેદાનોછે. તેમની ભૂમિ કાળી ૨ પાકે એવીછે ને તેમાં ખેતી ઘણી સારી થાયછે. એ દેશના નીચે પ્રમાણે વિભાગો છે.'

વીભાગો.	શેહેરો.
કલાદગીજિલ્લો.	કલાદગી, બીજાપુર; (મુસલમાની રાજાઓના વખતમાં આ શહેર ઘણું પ્રખ્યાત હતું, પણ હાલ ત્યાં ઘણી સુંદર ઇમારતો જોવામાં આવેછે.)
બેલગામજિલ્લો.	બેલગામ.
ધારવાડજિલ્લો.	ધારવાડ, (દક્ષિણ મહારાષ્ટ્રનું મુંખ્ય શેહેર) હુબલી.
કોલાપુરસંસ્થાન.	કોલાપુર (એમાં શીવાજીના વંશના રાજા રાજ્ય કરેછે.)
સાવનુરસંસ્થાન	સાવનુર.
દક્ષિણમરાઠા જાગીર.	સાંગલી; જમખિંડી; મીરજ; કુરંદવાડ; મુધોળ; રામદુર્ગ.

ઉત્તર કનેડા:—મદ્રાસ સરકારે ઉત્તર કાનડા દેશ મુંબઈ સરકારને સને ૧૮૬૧ માં સોંપ્યો, એની ઉત્તરે બેલગામ; પૂર્વે ધારવાડ અને મ્હૈસૂરનું રાજ્ય, દક્ષિણે મ્હૈસૂર અને મદ્રાસ ઇલાકો, પશ્ચિમે અરબી સમુદ્ર અને પોર્ટુગીઝ તાબાનું ગોવા સંસ્થાન છે. અહીંના લોકની ભાષા કાનડીછે. તેઓનો મુખ્ય ઉદ્યમ ખેતી છે, અને મુખ્ય ખોરાક ચોખાછે. એમાં **કારવાડ** (ઉત્તર કેનેડાનું મુખ્ય શહેર) **કુંપટા** અને **હેનાવર** મોટાં બંદરોછે. મુંબઇ તથા કરાચીની પેઠે ચોમાસામાં વહાણોનું રક્ષણ થઇ શકે એવું ત્રીજું બંદર **કારવાડ** છે.

હિંદુસ્તાન.

એશિઆની દક્ષિણમાં ત્રણ મોટા દ્વીપકલ્પ છે, તેમાં હિંદુસ્તાનનો બીજાઓ કરતાં મોટો અને અગત્યનો દ્વીપકલ્પછે.

સીમા:—હીંદુસ્તાનની ઉત્તરે હિંદુકુશ, કૅરોરામ અને હિમાલય પર્વત છે; પશ્ચિમે હાલા પર્વતની પેલીમેર બલૂચિસ્તાન, અને અરબી સમુદ્ર છે; દક્ષિણે હિંદીમહાસાગર અને પૂર્વે હિંદી ચીન અને બંગાળાનો ઉપસાગર છે.

કાશ્મીરની ઉત્તરથી તે કન્યાકુમારી સુધી હિંદુસ્તાનની લંબાઈ ૧૯૦૦ માઈલ અને સિંધથી આસામ સુધી પહોળાઇ ૧૮૦૦ માઇલ છે. એનું ક્ષેત્રફળ આસરે ૧૬૦૦,૦૦૦ ચોરસ માઇલ છે, અને એમાં આસરે સાડી પચ્ચીસ કરોડ માણસની વસ્તીછે. આખી દુનીઆમાં ચીન શિવાય બીજા બધાદેશો કરતાં એમાં વસ્તી વધારેછે. હિંદુસ્તાન ત્રિકોણાકારેછે. વિંધ્યાચળ પર્વતે એ ત્રાકોણના બે ભાગકર્યાછે, તેમાંના ઉપલા ભાગને હિંદુસ્તાન અને નીચલાને દક્ષિણ કહે છે.

પેદાશ:—(ખેતી, નીપજ વગેરે) હિંદુસ્થાનમાં ઘઉં, ચોખા, બાજરી, જુવાર અને ઘણીક જાતનાં કઠોળ, કંદ, મૂળ, મેવા, શાક વગેરે થાયછે; અફીણ, ગળી, સણ, કપાસ, તંબાકુ, શેરડી, રાઈ, તલ (સપાટ જમીનમાં;) ચાહા, ઘુન (ડુંગરોમાં) એલચી અને મરીનાં ઝાડ (પશ્ચિમકાંઠે) થાયછે; સુખડ, સીસમ, સાગ, કપાસ, આંમલી, આંબો, બાવળ, શેતુર, નાળીએરી, તાડ, સોપારી, વાંસ અને એ શિવાય બીજાં ઘણાં ઝાડ થાયછે; મસાલા, તેજાનાં અને ઉપયોગી વસાણાં ઘણે ઠેકાણે થાયછે.

(ખનીજ પદાર્થ):—લોઢું, તાંબુ, કોયલા, સોનું, રત્ન, હીરા, સુરોખાર, મીઠું અને સિંહલદ્વીપ (લંકા) ની આસપાસના દરીઆમાંથી આખી દુનિઆને પસંદ પડે તેવાં મોતી નીકળે છે.

(જાનવર):—સિંહ, વાઘ, ચિત્તા, દીપડા, હાથી, રીંછ, ગેંડા, વાંદરાં, ઉંટ, ઘોડા, ગેટા, બકરા, ભેંસ, અને બળદ વગેરેની છે.

રૂતુ અને હવા:—હિંદુસ્થાનમાં ત્રણ રૂતુ જોવામાં આવે છે. ૧. શિઆળો (ઠંડીની મોસમ) ૨. ઉનાળો (ગરમીની મોસમ) ૩. ચોમાસુ (વરસાદની મોસમ):

હિંદુસ્તાનના વિભાગો.

૧ મુંબઈ ઈલાકો.
૨ મદ્રાસ ઈલાકો.
૩ મ્હેસુર અને કુર્ગનાં સંસ્થાન.
૪ વરાડ સહિત હૈદ્રાબાદ સંસ્થાન.
૫ મધ્ય પ્રાંતો.
૬ મધ્યહિંદ એજન્સિનાં સંસ્થાનો
૭ રજપૂત સંસ્થાનો.
૮ પંજાબ પ્રાંત.
૯ વાયવ્ય પ્રાંત.

૧૦ અયોધ્યા પ્રાંત.
૧૧ બંગાળા પ્રાંત.
૧૨ આસામ પ્રાંત.
૧૩ બ્રિટિશ બરમા પ્રાંત.
૧૪ નેપાળ અને ભૂતાનના **સ્વતંત્ર સંસ્થાનો.**
૧૫ ફિરંગી અને ફ્રેન્ચ સંસ્થાનો

ઉપર જણાવેલા ૧૪ અને ૧૫ માં વિભાગો શિવાય બાકીના હિંદુસ્તાનના સર્વે પ્રાંતો તથા આસપાસના બેટો (**લંકા** શિવાય) ઉપર **કૈસરે હિંદ (ઇંગ્લંડની મહારાણી)** તરફથી મોકલેલા **ગવર્નર જનરલ** (સુબો) રાજ્ય ચલાવે છે.

ગવર્નર જનરલની સત્તાનીચે બે ગવનર છે, જેઓ મુંબઇ અને મદ્રાસ ઈલાકામાં અધિકાર ચલાવે છે. ત્રણ લેફ્ટેનન્ટ (સાહેકારી) ગવર્નર છે. જેઓ બંગાળા, પંજાબ અને વાયવ્યપ્રાંતોમાં હકુમત ચલાવે છે; પાંચ મુખ્ય કમિશનરો છે, જેએ મ્હેસુર, મધ્યપ્રાંતો, અયોધ્યા, આસામ, અને બ્રિટિશ બ્રહ્મદેશમાં અધિકાર ચલાવેછે; અને હૈદ્રાબાદ, મધ્યહિંદુસ્તાન એજન્સિ, રજપુતાના, હિંદુસ્તાન માંહેલાં બીજાં સંસ્થાનો અને હિંદુસ્તાનની સીમાની બહારના રાજ્યોમાં રેસિડંન્ટકે પોલિટિકલ એજંટો નીમેલા છે.

હિંદુસ્તાનના બેટ.

મુંબઇ બેટ
સાલસેટ બેટ (સાષ્ટી) } હિંદુસ્તાનની પશ્ચિમે અરબીસમુદ્ર છે.

લકાદીવ બેટો
માલદીવ બેટો } મલબાર કોસ્ટાની પશ્ચિમે હિંદીમહાસાગરમાં છે.

સીલોન (લંકા)—હિંદુસ્તાનની દક્ષિણે હિંદીમહાસાગરમાં છે.

રામેશ્વર—હિંદુસ્તાન અને સીલોનની વચ્ચેછે.

મનાર—રામેશ્વર અને મનારની વચ્ચે (હનુમાને પુલ બાંધેલો છે એવું કહેવામાં આવે છે.)

આન્ડામાન બેટો
નિકોબાર બેટો } હિંદુસ્તાનની પૂર્વે બંગાળાના ઉપસાગરમાં છે, બ્રિટિસ હિંદુસ્તાનમાંથી જેમને કાળે પાણીએ એટલે સમુદ્ર પાર કહાડવાની શિક્ષા થાયછે, તેમને આન્ડામનબેટમાં મોકલે છે.

રામરી
મર્ગ્વી } બ્રિટિશબરમાની પશ્ચિમે છે.

હિંદુસ્તાનના દ્વીપકલ્પ.

કાઠીઆવાડ—હિંદુસ્તાનની પશ્ચિમે ખંબાત અને કચ્છના અખાતની વચ્ચે છે.

ભૂશિર.

મોંઝે—હિંદુસ્તાનનું પશ્ચિમ બિંદુ સિંધમાં કરાંચી આગળછે.

દીવ—કાઠીઆવાડ દ્વીપકલ્પની દક્ષિણે.

કામોરીન—હિંદુસ્તાનની દક્ષિણે.

કાલીમીઅર—હિંદુસ્તાનના અગ્નિ ખુણામાં અને સીલોનની સામે છે.

પલમાઇરાઝ—હિંદુસ્તાનની પૂર્વે મહાનદીના મુખની ઉત્તરે છે.

નીગ્રેસ—બ્રિટિશબરમામાં પેગુની નૈરુત ખુણામાં છે.

હિંદુસ્તાનના પર્વતો.

હિમાલય—હિંદુસ્તાનની ઉત્તરે.

શિખરો—એવરેસ્ટ અથવા ગૌવરીશંકર. એની ઉંચાઇ ૨૯૦૦૨ ફીટ છે ને પૃથ્વી ઉપર સૌથી ઊંચો ભાગ છે.—

કિનચીનજંગા	એની	ઉચાઈ	૨૮૧૫૬	ફીટ.
ધવલાગિરી	,,	,,	૨૬૮૨૬	,,
કામાલેરી	,,	,,	૨૩૯૪૪	,,
નંદાદેવી	,,	,,	૨૩૭૦૦	,,

હિંદુકુશ—હિંદુસ્તાનની વાયવ્ય દિશાએ છે.

કર્કોરામ—કાસ્મીરની ઉત્તરે છે.

(શિવાલિક) ગંગા અને બીઆસ નદીની વચ્ચે છે.

સુલીમાન—હિંદુસ્તાન અને અફગાનિસ્થાનની વચ્ચે; એનું **શિખર**—તખ્તિસુલીમાન એ ૧૧૩૧૭ ફીટ ઉંચું છે.

હાલા—બલૂચિસ્તાન અને સિંધની વચ્ચે છે.

આરેવલી—રજપૂતાનામાં છે. એનું શિખર —આબુ એ ઉંચાઇમાં **૫૦૦૦ ફુટ છે.**

વિંધ્યા—મધ્ય હિંદુસ્તાનમાં માળવાની દક્ષિણે અને નર્મદાની ઉત્તરે.

સાતપુડા—નર્મદા અને તાપી નદીની વચ્ચે છે.

સહ્યાદ્રિ અથવા પશ્ચિમ ઘાટ—હિંદુસ્તાનના પશ્ચિમ કીનારાની સમાંતરે તાપી નદીથી તે કૉમોરીન ભૂશિર સુધી છે, ને દક્ષિણ દેશ તથા કોકણને જુદા પાડેછે.

નિલગરી—મ્હૈસુર પ્રાંતની દક્ષિણે છે.

પર્વઘાટ—હિંદુસ્તાનના પૂર્વ કીનારાની સમાંતરે માહાનદીથી તે કોમોરીન ભૂશિર સુધી છે.

હિંદુસ્તાનના સમુદ્ર, અખાત અને ઉપસાગર.

અરબી સમુદ્ર—આરબસ્તાન અને હિંદુસ્તાનની વચ્ચે.
કચ્છનો અખાત—કાઠીઆવાડ અને કચ્છની વચ્ચે.
ખંબાતનો અખાત—કાઠીઆવાડ દ્વિપકલ્પની પૂર્વે.
મનારનો અખાત—હિંદુસ્તાનની દક્ષિણે.
બંગાળાનો અખાત—હિંદુસ્તાનની પૂર્વે.
માર્ટાબાનનો અખાત—બ્રિટિશ બરમાની પશ્ચિમે.

હિંદુસ્તાનની સામુદ્રધુની.

પાકની સામુદ્રધુની—હિંદુસ્તાન ને સીલોનની વચ્ચે.
(પામબન પૅસેજ) હિંદુસ્તાન ને રામેશ્વર બેટની વચ્ચે.

હિંદુસ્તાનના સરોવર.

વલર—કાશ્મીરમાં છે.
મન્ચર—સિધપ્રાંતમાં છે.
સમ્ભર }
સર } રજપૂતાનામાંછે.
ચિલકા—ઉત્તરસરકારના પૂર્વ કીનારા આગળ છે.
કોલર—ગોદાવરી ને કૃષ્ણા નદીની વચ્ચેછે, એમાં પાણી મીઠાં છે.
પુલિકટ—કર્ણાટકના પૂર્વકીનારાપર આવેલું છે.

હિંદુસ્તાનની નદીઓ.

સિંધુ નદી—હિમાલયમાંથી નીકળી કાશ્મિર, પંજાબ અને સિંધ પ્રાંતમાં થઈ અરબી સમુદ્રને મળેછે.

નદ્યંતરગામી—૧ કાબુલ; ૨ પંચનદ(એ પંચનદ ને પંજાબ-ની પાંચ નદી **જેલમ, ચીનાબ, રાવી, બીઆસ** અને **સતલજ** મળેછે.)

મહી—માળવાના ઉંચ સંભૂદેશમાંથી નીકળી ગુજરાતમાં થઇને ખંભાતના અખાતને મળેછે.

સાબરમતી—એરાવલી ડુંગરના છેડા આગળથી નીકળી ગુજરા-તમાં થઇ ખંભાતના અખાતને મળેછે.

નર્મદા—સાતપુડા પર્વતમાંથી નીકળી મધ્યપ્રાંત, માળવા અને ગુજરાતમાં થઈ ખંભાતના અખાતને મળેછે.

તાપી—સાતપુડા પર્વતમાંથી નીકળી મધ્યપ્રાંત, ખાનદેશ અને ગુજરાતમાં થઇને ખંભાતના અખાતને મળેછે.

ગંગા—હિમાલયમાંથી નીકળી પંજાબ, વાબ્યપ્રાંત અને બંગાળા-માં થઇને બંગાળાના ઉપસાગરમાં પડેછે.

નદ્યંતરગામી=રામગંગા; ગોમતી; ઘોઘરા; ગાન્ડક; કુસી; સોન અને **જમના** (એ જમના નદીને **ચંબલ, સીંધ** અને **બેતવા** નદી મળેછે).

હુગલી—ગંગામાંથી નીકળીને જુદે મુખે બંગાળાના ઉપસાગરમાં પડેછે.

બ્રહ્મપુત્રા અથવા **સામ્પુ**—હિમાલયમાંથી નીકળી ટિબેટ, આ-સામ, અને બંગાલા પ્રાંતમાં થઇને બંગાલાના ઉપસાગરમાં પડેછે.

મહા—મધ્ય હિંદુસ્તાનના પર્વતમાંથી નીકળી મધ્યપ્રાંત ને ઓરીસામાં થઈ બંગાળાના અખાતમાં મળેછે.

ગોદાવરી—નાસકપાસે ત્ર્યંબકના પશ્ચિમ ઘાટમાંથી નીકળી દક્ષિણ પ્રાંત, હૈદ્રાબાદ અને ઉત્તર સરકારમાં થઇને બંગાળાના ઉપસાગરમાં પડેછે. **નદ્યંતરગામી વર્ઈનગંગા, વારણા, પેઇનગંગા** અને **માંજરા.**

કૃષ્ણા—સતારા પાસે મહાબ્લેશ્વર આગળ પશ્ચિમ ઘાટમાંથી નીકળી દક્ષિણ પ્રાંત, હૈદ્રાબાદ અને કર્નાટકમાં થઇને બંગાળાના ઉપસાગરમાં પડેછે.

નદ્યંતરગામી–(**વારણા**) **ભીમા; તુંગભદ્રા.**

પનાર
પલાર
દક્ષિણપનાર — દક્ષણના ઉંચસંભૂદેશમાંથી નીકળીને માઇસોર અને કર્ણાટકમાં થઇને બંગાળાના ઉપસાગરમાં પડેછે.

કાવેરી—કુર્ગ આગળ પશ્ચિમ ઘાટમાંથી નીકળી માઇસોર અને કર્ણાટકમાં થઇને બંગાળાના ઉપસાગરમાં પડેછે.

ઈરાવદી—બરમા પ્રાંતમાં નાસ્યુસાન પર્વતમાંથી નીકળી બરમામાં વહીને બંગાળાના ઉપસાગરને મળેછે.

ઉંચસંભૂદેશ.

માળવા—મધ્યહિંદુસ્તાનમાં વિંધ્યા પર્વતની ઉત્તરે.

દખણ—દક્ષિણ હિંદુસ્તાનમાં પશ્ચિમ અને પૂર્વ ઘાટની વચ્ચે.

મદ્રાસ ઈલાકો.

મદ્રાસ ઈલાકાના ત્રણ ભાગછે. **ઉત્તર સિરકાર; કર્ણાટક મલબાર** (દક્ષિણ કાનડા સહિત). અને **કોચિન** અને **ટ્રાવનકોર** નામનાં બે મુખ્ય દેશી રાજ્યો છે.

મદ્રાસ—મદ્રાસ ઈલાકાની રાજ્યધાની કોરોમાન્ડળ કોસ્ટ ઉપર આવેલું છે. એ વ્યાપારનું મોટું મથક છે ને ફોર્ટ સેન્ટ જ્યૉર્જ નામનો

મદ્રાસનો જે કિલ્લો કહેવાય છે તે ૧૬૩૯ માં બાંધવામાં આવ્યો હતો. મદ્રાસની વસ્તી આસરે ૩,૦૦,૦૦૦ માણસની છે.

ચિંગલપટ—પલાર નદીની પાસેછે.

કાનજીવરમ—(કાંચી) ચિંગલપટના નૈરૂત્ય ખુણામાં છે.

નેલોર—ઉત્તર પનાર નદી ઉપર આવેલુંછે.

મછલી પટ્ટણ—કૃષ્ણાનદીના મુખ આગળ ઉત્તર સરકારનું એક બંદર અને શેહેર છે.

બેઝવાડા—કૃષ્ણાનદી ઉપર આવેલું છે.

ગન્ટુર—બેઝવાડાના નૈરૂત્ય ખુણામાં છે.

રાજમંદ્રી—ગોદાવરી નદીના કાંઠા ઉપર ઉત્તર સરકારનું એ એક નગર છે.

ઈલોર—કોલર સરોવરની પાસે છે. એમાં શેત્રંજી બનાવવાનાં કારખાનાં છે.

કોકણદ— } ગોદાવરી નદીના ઉત્તર તરફના મુખ આગળ બંદરો છે.
કોરિંગ— }

વીઝાગાપટણ—એ એક બંદર છે, અને સિંગડાની બનાવેલી પેટીઓને માટે પ્રખ્યાત છે.

કડાપા—પંનાર નદીઉપર છે.

બેલારી—કડાપાની પશ્ચિમે લશ્કરી મથક છે.

આર્કટ—ચિંગલપટની દક્ષિણે; કર્ણાટકની આગલી રાજ્યધાની. કલાઇવે એ શેહેર ૧૭૫૧ માં લીધું.

કદ્દાલોર—દક્ષિણ પનાર નદીને કાંઠે આવેલું છે. એનીપાસે ફૉર્ટ સેન્ટ દેવિડનાં ખંડીએર આવેલાં છે.

પોન્ડીચરી—કર્નાટકની પૂર્વમાં ફ્રેન્ચ સંસ્થાનની રાજ્યધાની છે.

પોર્ટોનોવા—આ શેહેર પાસે સર આયરકૂટે હૈદરને ૧૭૮૧ માં હરાવ્યો હતો.

ટેન્જોર—કાવેરી નદીની શાખા ઉપર આવેલું છે.

નીગાપટ્ટણ—આગળ વલંદાનું સંસ્થાન હતું; કેલીમીયર ભૂશીરની ઉત્તરે એક બંદર છે.

ટ્રાંકિવબાર—નીગાપટ્ટણની દક્ષિણ ઉત્તરે છે. આગળ ડેન લોકોનાં હાથમાં હતું.

મદુરા—ત્રિચિનાપોલીની દક્ષિણે છે. ટીપુસુલતાન પાસે ૧૭૯૯માં અંગ્રેજે લીધું.

ટિનાવલ્લી—છેક દક્ષિણમાં છે.

ટયુટિકોરિન—ટિનાવલીની પૂર્વમાં અથવા મનારના અખાતની ઉત્તરે એક બંદર છે.

ચિતુર—મદ્રાસની પશ્ચિમે.

વેલોર—ચિતુરની દક્ષિણે અને પલાર નદી ઉપર છે. એમાં લશ્કરી મથક છે.

ટ્રિપટી—પુલીકટ સરોવરની પશ્ચિમે એક પવિત્ર ધામ છે.

આર્ની—આર્કટની દક્ષિણે છે. એ ઠેકાણે કર્ણાટકના નવાબ ચંદા સાહેબના છોકરા રાજાસાહેબને ૧૭૫૧માં કલાઇવે હરાવ્યો હતો.

ત્રિચીનાપોલી—કાવેરી નદી ઉપર આવેલું છે. એ ઠેકાણે લશ્કરી છાવણી છે.

સાલમ—પનાર અને કાવેરી નદીની વચમાં છે. ૧૭૯૯ માં ટીપુસુલતાન પાસે અંગ્રેજે લીધું.

કોઈમ્બતુર—સાલમની નૈરૂત્ય ખુણામાં છે. ટીપુ મુઆ પછી અંગ્રેજે ૧૭૯૯માં લીધું.

ઉતાકમાંડ—કોઇમ્બટુરની ઉત્તરે એક હવાવાળી ટેકરી છે, જ્યાં ગરમીના દહાડામાં મદ્રાસનો ગવરનર જઇને રહે છે.

ટ્રાવણકોર—કોમરીન ભૂશીરની વાયવ્ય ખુણામાં એક દેશી રાજ્ય છે. એમાં એળચી, મરી ને ખુન સારાં થાય છે.

ત્રિવાનડ્રમ—ટ્રાવણકોરના રાજ્યનું મુખ્ય શેહેર છે.

કવીલોન—ટ્રાવણકોરના પશ્ચિમ કીનારા ઉપર એક બંદર છે.

કલિકટ—પશ્ચિમ કીનારે મલબારનું મુખ્ય શેહેર. એમાંથી મરી, નાળીએર, સાગનું લાકડું વગેરે દેશાવર જાયછે.

એપુર—કલીકટની પાસેછે.

કોચીન—મલબાર કોસ્ટ ઉપર એપુરની દક્ષિણે એક બંદર છે. એમાં મોટાં વહાણો રહેછે.

ત્રિચુર—કોચિનનું મુખ્ય શેહેર કોચીનની ઉત્તરમાં છે.

ટિલિચરી—એપુરની ઉત્તર તરફ અરેબી સમુદ્રના કીનારા ઉપર બંદર છે.

કાનાનોર—ટિલીચરીની ઉત્તરે બંદર છે.

માંગલોર—દક્ષિણ કાનરાનું મુખ્ય શેહેર કાનાનોરની ઉત્તરે છે.

મ્હૈસુર અને કુર્ગ સંસ્થાન.

મ્હૈસુર—મ્હૈસુરનું મુખ્ય શેહેર ને એમાં રાજા રહેછે.

માંગલોર—એમાં રેસિડન્ટ અને લશ્કર રહેછે.

સેરિંગાપટમ—હૈદર અને ટીપુની રાજ્યધાની. કાવેરી નદી ઉપર છે. અંગ્રેજે ૧૭૯૯માં હુમલો કરી એ શેહેર લીધું ને ટીપુ માર્યો ગયો.

કુર્ગ—એ મ્હૈસુરના ચીફ કિમશનરની સત્તા નિચે છે. એમાં એલચી તથા ખુન થાયછે.

મરકરા—કુર્ગ પ્રાંતનું મુખ્ય શેહેર.

હૈદ્રાબાદ અને વરાડ (બીરાર) સંસ્થાન.

હૈદ્રાબાદ—હૈદ્રાબાદ પ્રાંતની રાજ્યધાની. મુસી નદી ઉપર છે. એમાં અંગ્રેજી રેસિડન્ટ રહેછે.

સિકંદ્રાબાદ } હૈદ્રાબાદની પાસેછે. એમાં અંગ્રેજી લશ્કરની
બોલારમ } છાવણી છે.

બીદર—મંજીરા નદી ઉપર છે. એ ઠેકાણાનાં સોના રૂપાની કારીગરી વાળાં પીતળનાં વાસણ વખણાય છે.

ગોવલકોન્ડા—હૈદ્રાબાદની પાસેછે, એમાં મજબુત કિલ્લો છે. ને એ હીરાની ખાણોને માટે પ્રખ્યાત છે.

ઓરંગાબાદ—અસલી સુંદર ઈમારતોને માટે પ્રખ્યાત છે.

દૌલતાબાદ—ઓરંગાબાદની પાસે છે, ને એમાં મજબુત કિલ્લો છે.

એસે—દોલતાબાદના ઈશાણ કોણમાં છે. ૧૮૦૩માં આ ઠેકાણે જનરલ વેલેસ્લિએ મરાઠાને હરાવ્યા.

ઈલોરા—દોલતાબાદ પાસે છે. પર્વતમાં કોતરી કાહાડેલાં દહેરાંને માટે પ્રખ્યાત છે.

જાલના—ઓરંગાબાદની પૂર્વેછે. એમાં અંગ્રેજી લશ્કરની છાવણી છે.

વરાડ ઈલિચપુર—બીરારની આગલી રાજ્યધાની.

„ **ઉમરાવતી** } રૂના વ્યાપારને માટે પ્રખ્યાત છે.
„ **ખાનગામ** }

મધ્યપ્રાંતો.

નાગપોર—મધ્યપ્રાંતની રાજધાની. રેશમી ધોતી જોડાને માટે પ્રખ્યાત છે.

કામ્તી—નાગપોરની ઉત્તરમાં છે. એમાં અંગ્રેજી લશ્કરની છાવણીછે.

ચંદા—વરધા અને પેનગંગાના સંગમની ઉત્તરે છે.

જબલપોર—ઉત્તરમાં છે. એમાં આરસના ડુંગરો છે ને કોલસાની ખાણો છે.

સાગર—જબલપુરના વાયવ્ય ખુણામાં છે. એમાં અંગ્રેજી લશ્કરની છાવણીછે.

બરાનપોર—પશ્ચિમમાં તાપી નદી ઉપર છે.

રાયપુર—નાગપુરમાં છે.

સંબલપુર—પૂર્વમાં મહાનદી ઉપર છે. એ ઠેકાણેથી થોડા હીરા મળે છે.

મધ્યહિંદ એજન્સિના સંસ્થાનો

એ એજન્સિના બે મોટા ભાગ છે; એક ભાગમાં ગ્વાલિયરનું રાજ્ય અને પ્રાચીન માળવાનો ઘણોખરો ભાગ છે, અને બીજામાં બુંદેલખંડ માંહેલા દેશી રાજ્યો અને રેવાનું મોટું રાજ્ય છે.

બુંદેલખંડ—રેવાની પશ્ચિમેછે.

રેવા બુંદેલખંડનું મુખ્ય શેહેર, અલાહાબાદની દક્ષિણે નગર છે.

ગ્વાલિયર—ઉત્તરમાં આવેલું છે. મધ્યહિંદ એજન્સિનું મુખ્ય શેહેર છે.

જનસી—ગ્વાલિયરના અગ્નિકોણમાં છે,

ઉજ્જન—માળવાની અસલની રાજ્યધાની. દક્ષિણમાં ચંબલ નદીની શાખા સીપ્રા ઉપરછે.

ઇન્દોર—હોલ્કરના રાજ્યનું મુખ્ય શેહેર, ઉજ્જનની દક્ષિણે આવેલું છે. એમાં ગવર્નર જનરલનો એજન્ટ રહેછે.

મઉ—ઇન્દોરની દક્ષિણે છે. }
નીમચ—પશ્ચિમમાં છે. } એમા અંગ્રેજી લશ્કરની છાવણી છે.

ભોપાલ—નર્મદાના ઉત્તરે આવેલુંછે. એ ભોપાલની બેગમની રાજ્યધાની છે.

સિહોર—ભોપાલની પશ્ચિમે છે. એમાં પોલિટિકલ એજંટ રહેછે.

રજપુતાના સંસ્થાનો.

આબુ—ગવર્નર જનરલના એજન્ટનું રહેવાનું મથક છે. એમાં બધાં મળી ૧૮ દેશી સંસ્થાનો છે. તેઓ અજમેર અને મ્હેરવાડાના અંગ્રેજી મુલકની આસપાસ જથાબંધ છે. નીચે જણાવેલા સંસ્થાનોમાં *આવી નીશાનીવાળાં મુખ્યછે.

ઉત્તરમાં બિકાનેર ને અલવડ; પુર્વમાં કિસનગઢ, * જેપૂર, * ભરતપુર, ધોળપુર, કિરોલી, ટોંક; દક્ષિણમાં * બુંદી, કોટા, ઝાલાવાડ, પ્રતાપગઢ વાંસવાડા, ડુંગરપુર, * મેવાડ (ઉદેપુર), ને શિરોહી; પશ્ચિમમાં * મારવાડ (જોધપુર); * ને જસલમીર છે.

પંજાબપ્રાંત.

લાહોર—પંજાબ પ્રાંતની રાજ્યધાની, રાવીનદીના કાંઠા ઉપર છે.

અમ્રિતસર—લાહોરની ઉત્તરે શીખ લોકોનું પવિત્ર શેહેર છે, અને રેશમી લુગડાંને માટે પ્રખ્યાત છે.

જલન્ધર—સતલજ નદીની કાંઠે ને અમ્રિતસરની અગ્નિકોણમાં છે. એમાં અંગ્રેજી લશ્કરની છાવણી છે.

લુદિઆણા—સતલજ નદીની પાસે છે. એમાં શાલ બનાવવાના કારખાનાં છે.

સોબ્રાઓન—લુદિઆણાની પશ્ચિમ તરફ છે. એમાં સર હ્યુગોફે ૧૮૪૬માં સીખ લશ્કરને હરાવ્યું હતું.

અંબાલા—સતલજ અને જમના નદીની વચ્ચે છે. એની દક્ષિણે થાનેશ્વર છે કે જે મહંમદ ગીજનીએ ૧૦૧૪ માં લૂટયું હતું.

સિમલા—એ સતલજ નદીને કાંઠે ઉંચી હવાવાળી ટેકરી છે, જ્યાં હિંદુસ્થાનનો ગવર્નર જનરલ ગરમીના દિવસમાં જઈ રહેછે.

દીલ્હી—જમના નદીના કાંઠાઉપર છે, એ મુગલ રાજ્યની રાજધાની હતી. ૧૮૫૭ના બળવાંમાં અંગ્રેજે જીતી લીધું. એ શાહજહાં બાદશાહનું બંધાવેલુંછે.

મુલતાન—ત્રીમાબ નદીની ઉત્તરે છે. એ શેહેર જનરલ વીસે હુમલો કરીને ૧૮૪૯ માં લીધું. રેશમી લુગડાં ને શાલની બનાવટને માટે પ્રખ્યાત છે.

પાનીપત—દીલ્હીની ઉતરે પ્રસિધ્ધ રણક્ષેત્રછે. ૧૧૯૧ માં દીલ્હીના રાજા પૃથુરાજે શાહબુદીન ઘોરીને, ૧૫૨૬ માં બાબરે ઈબ્રાહીમ લોદીને, ૧૫૫૬ માં અકબરના વજીર બેરામે મહમદ આદીલીના વજીર હેમુને અને ૧૭૬૧માં અહમદશાહ દુરાનીએ મરાઠા સરદાર સદાશીવ ભાઉને હરાવ્યો.

અટક—સિંધુ અને કાબુલ નદીના સંગમ ઉપરછે.

પેશાવર—આફ્ગાનિસ્તાનની સરહદ આગળ કાબુલ નદીઉપર એ મોટું લશ્કરી મથક છે.

જેલમ—જેલમ નદીને કાંઠે આવેલું છે.

રાવલપીંડી—જેલમ અને સિંધુ નદીની વચ્ચે એક લશ્કરી મથક છે.

મરી—રાવલપીંડીના ઈશાન કોણમાં એક હવાવાળી ઉંચી ટેકરી છે.

ગુજરાત—ચીનાબ નદીની પાસેછે. એ ઠેકાણે સીખ લોકોને ૧૮૪૯ માં સર હ્યુ ગોફે હરાવ્યા ને પંજાબ પ્રાંત અંગ્રેજી રાજ્ય સાથે જોડી દીધો.

કાશ્મિર (શ્રીનગર)—જેલમ નદી ઉપર કાશ્મિરના રાજ્યનું મુખ્ય શેહેર.

લાડક—આગળ ટિબેટનો ભાગ જણાતો હતો પણ હાલમાં કાશ્મિરના તાબામાં છે.

લહે—કાશ્મિર પ્રાંતમાં સિંધુ નદીની પાસે લાડકની રાજ્યધાની છે.

ભાવલપુર—સતલજ અને સિંધું નદીના ડાબા કાંઠાઉપર નવાબના તાબામાં છે.

પત્યાલા—સીખ લોકોમાં આ મોટામાં મોટું રાજ્ય છે. એ સિવાય જિંડ, નભા, કપરથલા, ફરિદકોટ, અને કલશીઆ, એ પાંચ સંસ્થાનો શીખ લોકોનાં છે, તેમાં પત્યાલા અને કપરથલા શિવાય બધાંએ સતલજની દક્ષિણે સરહિંદમાં છે.

વાયવ્ય પ્રાંતો.

અલાહાબાદ (પ્રયાગ)—ગંગા અને જમના નદીના સંગમ ઉપર વાયવ્ય પ્રાંતની રાજ્યધાની છે. એમાં વાયવ્ય પ્રાંતનો લેફ્ટેનન્ટ ગવર્નર રહેછે. ગગાં અને જમનાના સંગમ આગળ નહાવું એ હિંદુઓથી પવિત્ર ગણાયલું છે. અલાહાબાદ આગળ બે રેલવે લાઇન મળેછે તેમાંની એક કલકત્તા તરફ અને બીજી પંજાબ અને સિંધ તરફ જાયછે.

કાનપોર—ગંગા નદી ઉપર એ એક લશ્કરી મથક છે ને એ ઠેકાણે નાના સાહેબે ૧૮૫૭ માં અંગ્રેજોની કત્તલ કરી હતી.

બનારસ (**કાશી**)—ગંગા નદીને કાંઠે છે. એ હિંદુઓની સર્વથી પવિત્ર તીર્થની જગ્યા છે.

મીરઝાપુર—કાશીની પશ્ચિમે ગંગા નદી ઉપર રૂના બ્હોળા વ્યાપાર ને ગલીચાની બનાવટને માટે પ્રખ્યાત છે.

ગાઝીપુર—ગંગાનદીને કાંઠે છે. આ શેહેરમાં લાર્ડ કાર્નવાલીસ ૧૮૦૫માં મરણ પામ્યો હતો.

આગ્રા—જમના નદીને કાંઠે છે. એ મોગલ રાજ્યની જુની રાજ્યધાની હતી. એમાં શાહાજહાં બાદશાહનો બંધાવેલો "તાજ-મેહેલ" છે, તે હિંદુસ્તાનમાં સર્વથી સુંદર ઈમારત ગણાયછે. આગ્રાથી ૭ માઈલ ઉપર સીકંદ્રામાં અકબરની કબર છે.

મથુરા—આગ્રાની વાયવ્ય કોણમાં જમના નદીપર આવેલું છે. એ કૃષ્ણની જન્મભૂમી ગણાયછે, ને એની પાસે બ્રિંદાવન આવેલુંછે.

મીરત—કાળી નદીને કાંઠે એક લશ્કરી મથક છે. એ શહેરમાં દેશી રેજીમેન્ટે ૧૮૫૭ માં પહેલો બળવો કર્યો હતો.

હરદ્વાર—ગંગા નદીપર છે. એમાં ઘણા પહાડો છે, ને એ ઠેકાણે લોકો જાત્રા કરવા જાય છે.

રૂરકી—હરદ્વારની પાસે છે. એમાં ઇજનેરનું કામ શીખવાની મદ્રેશા છે.

અજમેર—એ રજપુતાનામાં છે. પણ એ વાયવ્ય પ્રાંતના લેફ-ટેનન્ટ ગવર્નરના તાબામાં છે.

રોહીલખંડ—જમના ને ગંગા નદીની વચ્ચે છે.

બરેલી—રોહીલખંડમાં મ્હોટું શહેર છે. એમાં ડાંગર પુષ્કળ થાયછે.

ગઢવાલ—એ હિમાલયમાં છે. એમાં ગંગા ને જમનાના મૂળ છે.

રામપુર—રોહીલખંડમા આવેલુંછે. ને નવાબનું રહેવાનું ઠેકાણું છે.

અયોધ્યા પ્રાંત.

લકનો—ગોમતી નદીને કાંઠે અયોધ્યાની રાજ્યધાની છે. સને ૧૮૫૭ના બળવાની વખતે અંગ્રેજોએ ઘણી બાહાદુરીથી બળવાખોરોની સામે આ શહેરનો બચાવ કર્યો હતો.

અયોધ્યા—(આકોદ) ગોગરા નદીને કાંઠે છે; આ શહેર મનુએ વસાવેલું છે એવું રામાયણમાં કહેલું છે, એમાં રામના પિતા દશરથનું રાજ્ય હતું, ને રામનો જન્મ થયો હતો. ૧૮૫૭માં બળવાની વખતે સર હેનરી લારન્સે આશહેરનો બચાવ કર્યો હતો.

અયોધ્યા પ્રાંતના નીચે પ્રમાણે ૪ ભાગ કર્યાછે.

હૈદ્રાબાદ—પૂર્વમાં ગોગ્રા નદી ઉપર છે.
સિતાપુર—વાયવ્ય કોણમાં છે.
લકનો—મધ્યમાં છે.
રાયબરેલી—દક્ષિણમાં ગોમતી નદીની શાખા ઉપરછે.

બંગાળાપ્રાંત.

એ પ્રાંત લેફ્ટેનન્ટ ગવર્નરના હાથ હેઠળ છે. એમાં શુધ્ધ બંગળા, બહાર, ઓરિસા (ઓઢીઆ) અને છોટા નાગપુર છે.

કલકત્તા—હુગલી નદીના પૂર્વ કીનારાપર બ્રિટિશ હિંદુસ્તાનની રાજ્યધાની છે. એમાં સુંદર ઇમારતો છે અને ભારે વ્યાપાર ચાલેછે. એમાં ફોર્ટ વિલ્યમ નામનો જે મજબૂત કિલ્લો છે તે ૧૬૯૬ માં બાંધવામાં આવ્યો હતો. એમાં હિંદુસ્તાનનો ગવર્નર જનરલ શિયાળામાં રહેછે. કલકત્તામાં સાંજના ૬ વાગે છે ત્યારે લંડનમાં બપોર હોય છે.

આલીપુર—ફોર્ટ વિલ્યમની દક્ષિણે છે. એમાં બગાળાનો લેફ્ટે- (નન્ટ ગવર્નર રહેછે.

બરાકપુર—કલકત્તાની ઉત્તરે એ એક મોટું લશ્કરી મથકછે.

નુડયા—ભાગિર્થી નદી ઉપર છે. એમાં સંસ્કૃત પાઠશાળા છે. મુસલમાનોએ ઈ. સ. ૧૨૦૩માં એ જીત્યું ત્યારે એ બંગાળાની રાજ્યધાની હતું.

પ્લૅસી—કલકત્તાની ઉત્તરે ભાગિર્થીના કાંઠાઉપર છે. આ ઠેકાણે કલાઇવે ૧૭૫૭માં બંગાળાના નવાબ સુરાજઉદ દવલાને હરાવ્યો અને બ્રિટિશ રાજ્યની સ્થાપના કરી. [માટે પ્રખ્યાત છે.

મુરશીદાબાદ—ભાગિર્થી નદીને કાંઠેછે. એ રેશમ અને ગળીને

દાર્જીલિંગ—એ હવાવાળી ઉંચી ટેકરી છે. એ ઠેકાણે બંગાળાનો લેફ્ટેનન્ટ ગવર્નર ગરમીના દિવસમાં રહેવા જાયછે.

ડાક્કા—ગંગા અને બ્રહ્મપુત્રા નદીની વચ્ચે છે.

હુગલી—હુગલી નદી ઉપર છે. (સંસ્થાન હતું.

ચિન્સુરા—હુગલી નદી ઉપર છે.; એ આગળ ડેન લોકોનું

ચંદ્રનગર—ચિન્સુરાની દક્ષિણે ફ્રેન્ચ લોકોનું સંસ્થાન છે.

સિરામપુર—હુગલી નદીના કાંઠાઉપર છે. આગળ ડેન લોકોનું સંસ્થાન હતું.

કટક—મહાનદીના કાંઠા ઉપર છે.

પુરી (જગન્નાથ)—હિંદુઓનું એક પવિત્ર ધામ છે.

બહાર—ગંગા નદીની દક્ષિણે છે. (શહેર છે.

રાજમહાલ—ગંગા નદીની પાસે સાંથલ પ્રગણાનું મુખ્ય

ભાગલપુર—ગંગા નદી ઉપર છે.

મોંઘીર—ગંગા નદીને કાંઠેછે. એમાં લોખંડનાં કારખાનાં છે.

પટના—ગંગા નદીને કાંઠે છે. એ કસબી લુગડાંની બનાવટને માટે પ્રખ્યાત છે.

ગયા—પટનાની દક્ષિણે બુદ્ધ ધર્મનું પવિત્ર શહેર છે.

આસામ પ્રાંત.

ગૌહાતી—આસામની રાજ્યધાની બ્રહ્મપુત્રા નદી ઉપર છે.

બ્રિટિશ બરમા પ્રાંત.

રંગુન—બ્રિટિશ બરમાની રાજ્યધાની ઇરાવદી નદી ઉપર છે એ ઠેકાણે ચોખા અને સાગના લાકડાનો પુષ્કળ વ્યાપાર ચાલેછે.

પેગુ—પેગુ પ્રાંતની આગલી રાજ્યધાની, પેગુ નદી ઉપર છે.

એસીન —ઇરાવદીની શાખા ઉપર છે.

પ્રોમ—ઉત્તર તરફ ઇરાવદી નદી ઉપરછે. ૧૮૨૫માં અંગ્રેજ લોકોએ આ શહેર હુમલો કરી લીધું હતું.

આરાકાન—આરાકાન પ્રાંતનું મુખ્ય શહેર છે.

મોલેમીન
માર્તાબાન
ટીનાસરીમ } એ તીનાસરીમ પ્રાંતનાં મુખ્ય શહેર છે.

નેપાળ અને ભૂતાનના સ્વતંત્ર સંસ્થાનો.

ખટમંડુ—નેપાળની રાજ્યધાની.

સિકિમ—નેપાળ અને ભૂતાનની વચ્ચે છે.

ટૅસિટચુડન—ભૂતાનની રાજ્યધાની. સિકિમની પૂર્વે છે.

મકવાનપુર—નેપાળમાં છે. ગુરખા લોકોને ૧૮૧૬માં સર દેવીદ આક્ટરલોનીએ હરાવ્યા.

પુનાખાં—ભૂતાનમાં છે.

ફિરંગી સંસ્થાનો.

ગોવા (પનજિમ)—ફિરંગી સંસ્થાનની રાજ્યધાની. અરબી સમુદ્રના કિનારાઉપર છે.

દમન—મુંબઈ બેટની ઉત્તરમાં છે

દીવ—કાઠીઆવાડ દ્વિપકલ્પની દક્ષિણે એક બેટ છે.

ફ્રેન્ચ સંસ્થાનો.

પૉન્ડીચરી—ફ્રેન્ચ સંસ્થાનની રાજ્યધાની. કર્નાટકની પૂર્વમાં છે.

કેરિકલ—કર્નાટકની પૂર્વમાં છે.

યાનાઉન—ગોદાવરી નદીના મુખ આગળ છે.

ચંદ્રનગર—કલકત્તાની ઉત્તરે હુગલી નદી ઉપર છે.

મહે—મલબાર કોરટાપર છે.

હિંદુસ્તાનના પશ્ચિમ અને પૂર્વ કીનારા ઉપર આવેલાં શહેરો.

કરાંચી; પોરબંદર; ઘોઘા; ખંભાત (મહી); ભરૂચ (નર્મદા); સુરત (તાપી); મુંબઈ રત્નાગીરી; વિંગોર્લા; પનજિમ અથવા ન્યુ ગોવા; કારવાડ; કુમ્પતા; હોનાવર માંગલોર; કાનાનોર; ટેલીચરી; કેલીકટ; બેપુર; પોનાની; કોચીન; અલીપલી; ક્વીલોન; ટયુટીકોરીન; નીગાપટમ;

ટ્રાન્કવીબાર; કડાલોર; પૅાન્ડીચરી; મદ્રાસ; મછલીપટમ, કોરાન્ગા, કાકીન્ડા, વીઝાગાપટમ, બીમલીપટમ, પૂરી અથવા જગનનાથ, બાલાશોર; કલકત્તા (હુગલી); ચીટેગૅાન્ગ.

એશિઆ ખંડનું વર્ણન.

સીમાઃ—ઉત્તરે (આર્કટિક) ઉત્તર માહાસાગર, પશ્ચિમે યુરલ પર્વત યુરલ નદી કાસ્પીયન સમુદ્ર, મારમોરાનો સમુદ્ર, આર્કિ પેલેગો, ભૂમધ્ય સમુદ્ર સ્વેઝની સંયોગીભૂમી અને રાતો સમુદ્ર; દક્ષિણે હિંદી માહાસાગર, અને પૂર્વે પાસિફિક માહાસાગર છે.

વિસ્તાર—એશિઆખંડની પૂર્વથી તે પશ્ચિમ સુધીની લંબાઇ આસરે ૬૦૦૦ મૈલ છે, અને ઉત્તરથી તે દક્ષિણ સુધીની પહોળાઈ આસરે ૫૩૦૦ મૈલછે. એનું ક્ષેત્રફળ આસરે ૧.૭૫,૦૦૦,૦૦ ચોરસ મૈલ છે. એશિઆખંડ સર્વથી મોટો ખંડ છે. માણસ જાતની પેહેલી ઉત્પત્તી એશિઆ ખંડમાં થઈ હતી એવું ધારવામાં આવેછે. એમાં ૭૯૬૦૦૦૦૦૦ માણુસની વસ્તી છે.

એશિઆખંડ સ્વેઝની સંયોગીભૂમીથી આફ્રિકા સાથે અને યુરલ અને કોકેસસ પર્વતોથી યુરોપ સાથે જોડાયલો છે. અને બ્હેરિંગની સામુદ્રધુની એને અમેરિકાથી જુદો પાંડછે.

દેશ.

૧ ટર્કી ઈન એશિઆ—(વિભાગો. એશિઆ માઇનર; સિર્યા; આર્મિન્યા; કુર્દિસ્તાન અથવા આસિર્યા-

અલજઝીરા અથવા મેસોપોટેમ્યા; ઈરાક અરબી અથવા આલડિયા; અને તુર્કી અરબસ્તાન).

૨. આરબસ્તાન (અરેબીઆ).

૩. ઈરાન (પર્ઝીઆ).

૪. અફ્ગાનીસ્તાન.

૫. બલુચિસ્તાન.

૬. હિંદુસ્તાન (બ્રિટિશ બરમા સહિત).

૭. સિંહલદ્વીપ. (સિલોન).

૮. ઈન્ડયન ચાયના (ઈસ્ટર્ન પેનિનશુલા) વિભાગો—અપર (ઉપલો) બરમા; આસામ; આનામ; કેમ્બોડિયા; કોચિન ચાઈના અને મલે દ્વીપકલ્પ).

૯. ચાઈનીઝ એમ્પાયર; (વિભાગો—ચીન, ટિબેટ, કોરીઆ, મંગોલીઆ, મન્ચુરીઆ, અને ઈસ્ટર્ન તુર્કસ્તાન.)

૧૦ તુર્કસ્તાન.

૧૧. એશિઆઈ રશિઆ (વિભાગો—સાઇબીરિઆ, ટ્રાન્સ કૅાકેશિઆ અને રશિઆઈ તુર્કસ્તાન).

૧૨. જાપાન—(યસ્સો, નીફોન, કયુસ્યુ અને સિકોક) એ બેટો મળીને જાપાન દેશ બન્યો છે.

બેટ.

આર્કિપેલેગો સમુદ્રમાં આવેલા બેટ.

મીટીલેની અથવા લેસબોસ, સીઓ, અને સેમોસ.

ભૂમધ્ય સમુદ્રમાં આવેલા બેટ.

સાઇપ્રસ, રોડઝ અને કાર્પેનથૅાસ.

ઈરાની અખાતમાં આવેલા બેટ.

બહેરીન—અરબસ્તાનની પૂર્વે છે.
ઑર્મઝ } ઈરાનની દક્ષિણે છે.
કિસ્મ }
કર્ક—ઈરાની અખાતની ઉત્તરમાં છે.

હિંદી મહાસાગરમાં આવેલા બેટ.

મુંબઈ } હિંદુસ્તાનની પશ્ચિમે છે.
સાલસેટ }
લકાદીવ } હિંદુસ્તાનની નૈરૃત્ય દિશાએ છે.
માલદીવ }
સીલોન (લંકા)—હિંદુસ્તાનની દક્ષિણે છે.
અન્ડામન } બંગાળાના ઉપસાગરમાં છે.
નિકોબાર }
મર્ગ્વીબેટો—બ્રિટિશ બરમાની નૈરૃત્ય દિશાએ છે.
પિનાંગ—મલે દ્વીપકલ્પની પશ્ચિમે છે.
સિંગાપોર—મલે દ્વીપકલ્પની દક્ષિણે છે.

પાસિફિક મહાસાગરમાં આવેલા બેટ.

મલેશિઆ અથવા મલે બેટો (એમાં સમાયલા બેટો—સુમાત્રા, જાવા, બોર્નિઓ સિલિબિસ, મોલાકાસ અથવા મસાલાના બેટો અને ફિલિપાઈન બેટો).

હેનાન—ચીનની દક્ષિણે છે.

મકાઉ
હાંગકાંગ } ચીનની દક્ષિણે કંટાન નદીના મુખ આગળ છે.

ફારમોસા—ચીનની પૂર્વે છે.

લુચ્ચુબેટો—ચીનની ઇશાન દિશાએ છે.

જાપાન બેટો—(એ **નિફોન**, **યસ્સો**, કયુસ્યુ અને સિકોક બેટ મળીને બનેલાછે).

સગેલ્યન—ટારટરીનો અખાત અને ઓકોટસ્કના સમુદ્રની વચ્ચેછે.

કયુરિલબેટો—સાઇબીર્યાની પૂર્વે કામસચાટકાના દ્વિપકલ્પની દક્ષિણે છે.

એલ્યુશન—કામસ્ચાટકા અને અમેરિકાની વચ્ચેછે..

ઉત્તર મહાસાગરમાં આવેલા બેટ.

લિઅકોવ અને ફ્રેંગલલેંન્ડ—સાઇબીર્યાની ઉત્તરે છે.

દ્વીપકલ્પ.

એશિઆમાઇનર—કાળા અને ભૂમધ્ય સમુદ્રની વચ્ચે છે.

આરબસ્તાન—લાલસમુદ્ર અને અરબી સમુદ્ર, ને ઇરાનીઅખાતની વચ્ચે છે.

હિંદુસ્તાન—અરબીસમુદ્ર અને બંગાળાના ઉપસાગરની વચ્ચે છે.

કાઠીઆવાડ—કચ્છ અને ખંભાતના અખાતની વચ્ચે છે.

મલે—બંગાળાનો ઉપસાગર અને સિઆમના અખાતની વચ્ચે છે.

કોરીઆ—મંચુરિઆની અગ્નિકોણમાં અને પીળા ને જાપાની સમુદ્રની વચ્ચે છે.

કામસચાટકા—સાઇબીર્યાની પૂર્વે છે.

સંયોગી ભૂમી.

સ્વેઝની સંયોગીભૂમી—એશિઆને આફ્રિકા સાથે જોડેછે, અને રાતો સમુદ્ર તથા ભૂમધ્ય સમુદ્રને જુદા પાડેછે.

ક્રોની સંયોગી ભૂમી—મલે દ્વીપકલ્પને સિઆમ સાથે જોડેછે, અને સિઆમનો અખાત તથા બંગાળાના ઉપસાગરને જુદા પાડેછે.

ભૂશિર.

બાબા—એશિઆમાઇનરની વાયવ્ય દિશાએ છે.

રાશલહેડ—આરબસ્તાનની અગ્નિકોણમાં છે.

કોમોરીન—હિંદુસ્તાનની દક્ષિણે છે.

ડનાડ્રહેડ—સિંહલદ્વીપની દક્ષિણે છે.

નીગ્રેસ—બ્રિટિશ બરમાની પશ્ચિમે છે.

રોમાનિયા—મલે દ્વીપકલ્પની દક્ષિણે છે.

કેમબોડયા—કોચીન ચાઇનાની દક્ષિણે છે.

કિંગ—જાપાનની પૂર્વે છે.

લોપાટકા—કામસ્ચાટકાની દક્ષિણે છે.

ઇસ્ટકેપ (પૂર્વ ભૂશિર) સાઇબીરિઆની ઇશાન કોણમાં બ્હેરિંગની સામુદ્રધુનિની પાસે છે.

સીવેરો અથવા નૉર્થ ઇસ્ટ કેપ—સાઇબીર્યાની ઉત્તરે છે.

પર્વત.

કૉકેસસ—કાળા અને કાસ્પીઅનસમુદ્રની વચ્ચે છે.

શિખર—એલબર્ઝ.

તારસ—એશિઆ માઇનરમાં છે.

લેબેનન—સિર્યામાં છે.

ઍરેરાટ—આર્મિન્યામાં છે.

અલબર્ઝ—ઇરાનની ઉત્તરે છે. (શિખર) દીમાવંડ.

પેરોપેમિસસ, હિંદુકુશ } આફ્ગાનિસ્તાનની ઉત્તરેછે.

સુલિમાન—આફ્ગાનિસ્તાન અને હિંદુસ્તાનની વચ્ચે અને પંજાબ પ્રાંતની પશ્ચિમે છે.

(શિખર)—તખ્તિસુલિમાન.

હાલા—બલુચિસ્તાન અને હિંદુસ્તાનની વચ્ચે અને સિંધની પશ્ચિમે છે.

હિમાલય—હિંદુસ્તાનની ઉત્તરે છે.

કારાકોરમ—કાશ્મીરની ઉત્તરે છે.

અરેવલી—રજપૂતાનામાં છે. (શિખર)—આબુ.

વિંધ્યા, સાતપુડા } મધ્ય હિંદુસ્તાનમાં છે.

પશ્ચિમઘાટ, પૂર્વઘાટ } દક્ષિણ હિંદુસ્તાનમાં છે.

નીલગરી માઇસોરની દક્ષિણે છે.

આડમ ટેકરી, પેડ્રોટેલાગાલા } સિંહલદ્વીપમાં છે.

યેનલિંગ નેનલિંગ પુલિંગ	ચીનમાં છે.

કવેનલન—ટિબેટ અને પૂર્વ તુર્કસ્તાનની વચ્ચે છે.

બોલોર—તુર્કસ્તાન અને પૂર્વ તુર્કસ્તાનની વચ્ચે છે.

થીએનશાન—પૂર્વ તુર્કસ્તાન ને સાઇબીરીયાની વચ્ચે છે.

આલટઇ—સાઇબીરીયાની દક્ષિણે છે.

યુરલ—સાઇબીરીયાની પશ્ચિમે છે.

સમુદ્ર, અખાત અને ઉપસાગર.

કાળોસમુદ્ર—ટર્કી ઇન એશિઆની ઉત્તરે છે.

મારમોરાનો સમુદ્ર—એશિઆ માઇનરની વાયવ્ય દિશાએ છે.

ઇજયનસમુદ્ર અથવાઆર્કીપેલેગો-એશિઆ મૈનરની પશ્ચિમેછે.

ભૂમધ્ય સમુદ્ર—ટર્કી ઇન એશિઆના સીરીયાની પશ્ચિમે છે.

રાતો સમુદ્ર-આરબસ્તાનની પશ્ચિમે છે.

એદનનો અખાત—આરબસ્તાનની દક્ષિણે છે.

ઓમાનનો અખાત ઇરાની અખાત	આરબસ્તાન ને ઇરાનની વચ્ચે છે.

અરબી સમુદ્ર—હિંદુસ્તાન અને આરબસ્તાનની વચ્ચે છે.

કચ્છનો અખાત ખંભાતનો અખાત	હિંદુસ્તાનની પશ્ચિમે છે.

મનારનો અખાત—હિંદુસ્તાન અને સીલોનની વચ્ચે છે.

બંગાળાનો ઉપસાગર—હિંદુસ્તાનની પૂર્વે છે.

માર્ટાબાનનો અખાત—બ્રિટિશ બરમાની પશ્ચિમે છે.
સીઆમનો અખાત—સીઆમની દક્ષિણે છે.
ટોનકીનનો અખાત—આનામ પ્રાંતની ઇશાન કોણમાં છે.
ચીનાઇ સમુદ્ર—ચીનની દક્ષિણે છે.
પીળો સમુદ્ર—ચીન અને કોરીઆની વચ્ચે છે.
જાપાની સમુદ્ર—જાપાનની પશ્ચિમે છે.
ટારટરીનો અખાત—સગેલ્યન બેટ અને સાઇબીર્યાની વચ્ચેછે.
ઑકોટસ્કનો સમુદ્ર—સાઇબીર્યા ને કામસ્ચાટકાની વચ્ચેછે.
કામસ્ચાટકાનો સમુદ્ર—કામસ્ચાટકના દ્વિપકલ્પની પૂર્વે છે.
બ્હેરીંગનો સમુદ્ર—એશિઆ અને ઉત્તર અમેરિકાની વચ્ચેછે,
અનાદીરનો અખાત—સાઇબીર્યાની ઇશાન કોણમાં છે.
ઓબીનો અખાત—સાઇબીર્યાની ઉત્તરે છે.

સામુદ્રધુનિ.

બૉસ્પરસ (કૉનસ્ટેન્ટિનોપલ)—કાળા અને મારમોરાના સ-
મુદ્રને જોડેછે. [લેગોને જોડેછે.
ડાર્ડેનલ્સ (હેલેસ્પૉન્ટ) મારમોરાનો સમુદ્ર અને આર્કિપે-
બાબલ માન્ડેબ—રાતો સમુદ્ર અને એડનના અખાતને જોડેછે.
ઑરમઝ—ઓમાનનો અખાત અને ઇરાની અખાતને જોડેછે.
પાક—હિંદુસ્તાન ને સીલોનની વચ્ચે છે.
મલાકા—સુમાત્રા અને મલે દ્વિપકલ્પની વચ્ચે છે.
સન્ડા—સુમાત્રા અને જાવાની વચ્ચે છે.

મકાસર—બોરનીઓ અને સિલીબિસની વચ્ચે છે.
કોરીઆની ખાડી—કોરીઆ અને જાપાનની વચ્ચેછે.
સૅંગર—નિફ્રાન અને યસ્સો બેટની વચ્ચે છે.
લેપરૂસ—યસ્સો અને સગેલ્યનની વચ્ચે છે.
બ્હેરીંગ—એશિઆ અને ઉત્તર અમેરિકાની વચ્ચે છે.

સરોવર.

વાન—આર્મીન્યામાં છે.
મૃત્ય સરોવર (ડેડસી)—સીર્યામાં છે.
ઉરૂમ્યા—ઈરાનના ઈશાન કોણુમાં છે.
કાસ્પીઅન સમુદ્ર—ઈરાનની ઉત્તરે છે.
હામૂન અથવા સીસ્ટન સરોવર—આફગાનિસ્તાનમાં છે.
એરલ સરોવર—રશિઅન તુર્કસ્તાનમાં છે.

રાવન સરોવર
માન સરોવર
ટૅન્ગ્રીનોર સરોવર
પાલ્ટી સરોવર.
} ટીબેટમાં છે.

લોબનોર સરોવર—ઈસ્ટર્ન તુર્કસ્તાનમાં છે.

બૈકલ સરોવર
બાલકશ સરોવર
} સાઈબીર્યાની દક્ષિણમાં છે.

નદીઓ.

યુફ્રેટિસ અને ટાઈગ્રીસ—ટૌરસ પર્વતમાંથી નીકળીને ટરકી-ઈન એશિઆમાંના દક્ષિણ ભાગમાં બન્ને જોડાઈ જઈને શેટઅલ-ઍરબ નામ ધારણ કરી ઈરાની અખાતમાં પડેછે.

જોર્ડન—લેબનન પર્વતમાંથી નીકળી સીર્યામાં વહીને મૃત સરોવરને મળેછે.

કાબુલ—કાબુલ પ્રાંતમાંથી વહીને સિંધુનદીને મળે છે.

હેલમન્ડ—હિંદુકુશ પર્વતમાંથી નીકળીને અફઘાનીસ્તાનમાં વહે છે, અને હામુન સરોવરને મળેછે.

બ્રહ્મપુત્રા-
ગંગા-
મહાનદી-
ગોદાવરી-
કૃષ્ણા-
કાવેરી-
} હિંદુસ્તાનમાં વહીને બંગાળાના ઉપસાગરમાં પડેછે.

[અરબી સમુદ્રને મળેછે.

સિંધુ—(ઈન્ડસ) હિંદુસ્તાનના વાયવ્ય ખુણામાં વહેછે અને

સાબરમતી-
મહી-
નર્મદા-
તાપી-
} હિંદુસ્તાનમાં વહેછે ને ખંભાતના અખાતને મળેછે.

ઈરાવદી—બરમામાં વહેછે ને બંગાળાના ઉપસાગરને મળેછે.

મીનામ—સીઆમમાં વહેછે, ને સીઆમના અખાતને મળેછે.

મીકાંગ અથવા કેમ્બોડયા—ઈન્ડયન ચાઈનામાં વહેછે ને ચીનાઈ સમુદ્રને મળેછે.

પીહો
હોઆંગ-હો
યેંગસીકયેંગ.
કેન્ટોન—
} ચીનીમાં વહેછે ને પાસિફિક મહાસાગરને મળેછે.

આમુર અથવા સગેલ્યન—મંગોલ્યા અને એશિઆટિક રશિઆની વચ્ચે વહેછે ને આમુરના અખાતને મળે છે.

યારકન્ડ—હિંદુકુશ પર્વતમાંથી નિકળીને પૂર્વ તુર્કસ્તાનમાં વ. હેછે ને લોબનોર સરોવરમાં પડે છે.

આમુદરીઆ, અથવા ઑક્સસ—હિંદુકુશ પર્વતમાંથી નીકળી તુર્કસ્તાન અને રશિઅન તુર્કસ્તાનમાં વહીને એરલ સમુદ્રને મળે છે.

કુર—ટૌરસ પર્વતમાંથી નીકળી ટ્રાન્સકૉકેશિઆમાં વહીને કાસ્પીઅન સમુદ્રને મળેછે.

સરદરિઆ અથવા **જેકઝારટીસ**—થીએનશન પર્વતમાંથી નીકળી રશિઅન તુર્કસ્તાનમાં વહેછે ને એરલ સરોવરમાં પડે છે

યુરલ—યુરલ પર્વતમાંથી નીકળીને સાઇબીર્યાના પશ્ચિમ ભાગમાં વહેછે ને કાસ્પીઅન સમુદ્રને મળેછે.

ઓબી—આલટાઇ પર્વતમાંથી નીકળી સાઇબીર્યામાં વહીને ઉત્તર મહાસાગરમાં પડેછે.

એનીસી—મંગોલ્યામાં કોશગલ સરોવરમાંથી નીકળી સાઇબીર્યામાં વહીને ઉત્તર માહાસાગરમાં પડેછે.

લીના—બૈકલ સરોવર પાસે બૈકલ પહાડમાંથી નીકળ ઉત્તર મહાસાગરમાં પડેછે.

ઓલેનેક—લીના નદીની પશ્ચિમે આવેલી છે ને ઉત્તર મહાસાગરમાં પડે છે.

ટર્કીઇન એશિઆ.

સ્મીર્ના—ટર્કીઇન એશિઆની રાજ્યધાની અને એશિઆ માઇનરનું મુખ્ય શહેર છે.

સ્કુટરી—બૉસપરસની સામુદ્રધુનિની પાસે છે.

બ્રુસા-કૉનસ્ટાનટીનોપલની દક્ષિણે છે.

ઍંગોરા-બ્રુસાની પૂર્વે તરફ આવેલું છે.

અલેપ્પો—સીર્યાની ઉત્તરે વ્યાપારનું મુખ્ય મથક છે.

એનટિયોચ—અલેપ્પાની પશ્ચિમ કીનારા ઉપર છે.

બેરૂટ—સીર્યાના પશ્ચિમ કીનારા ઉપર છે.

દમાસ્કસ—બેરૂટની પૂર્વે સીર્યાનું મુખ્ય શહેર છે. એ દુનિઆમાં સર્વથી જુનું શહેર ગણાયછે.

એકર—બેરૂટની દક્ષિણે છે.

પેલેસ્ટાઇન—સીર્યાનો નૈરૂત્ય કોણનો ભાગ છે.

જેરૂસેલમ—મૃત્યુ સરોવરની વાયવ્ય કોણમાં પેલેસ્ટાઇનનું મુખ્ય શહેર છે, એ ખ્રિસ્ટી અને યાહુદી ધર્મનું પવિત્ર શહેર ગણાતું હતું.

મોસલ—ટાઇગ્રીસ નદી ઉપર આવેલું છે.

બગદાદ—કુર્દિસ્તાનનું મુખ્ય શહેર એ ટાઇગ્રીસ નદી ઉપર છે.

હિલ્લા—બગદાદની દક્ષિણે યુફ્રેટીસ નદી ઉપર આવેલું છે.

બશરા—શેત–એલ–એરબ નદી ઉપર એ વ્યાપારનું મુખ્ય મથક છે.

સાઇનોપ, **ટેબ્રિઝોન્ડ** } કાળાસમુદ્ર ઉપર બંદરો છે.

અર્ઝેરૂમ—આર્મીન્યાનું મુખ્ય શહેર છે.

બિટલીસ, **વૅન** } વાન સરોવર ઉપર છે.

અરબસ્તાન.

મક્કા—અરબસ્તાનની રાજ્યધાની અને મુસલમાન લોકોનું પવિત્ર શહેર છે, એમાં પેગંબર મહમદ જનમ્યો હતો.

જિદ્દા—લાલસમુદ્ર ઉપર એ એક બંદર છે.

મદીના—મક્કાની ઉત્તરેછે. એમાં મહમદની ઘોર છે.

મુખા—બાબલમાન્ડેબની સામુદ્રધુની પાસે એક બંદર છે. એમાં બુન સારાં થાય છે. [રકારને તાબે છે.

એદન—અરબસ્તાનના દક્ષિણ કીનારા ઉપર છે, એ અંગ્રેજ સ-

મસ્કત—ઓમેનના અખાતના કીનારા ઉપર છે.

રીએદ—અરબસ્તાનના વચલા ભાગમાં છે.

ઈરાન.

તહેરાન—ઈરાનની રાજ્યધાની, એ ઈરાનમાં ઉત્તરે આવેલું છે.

તાબ્રિજ—ઉરમ્યા સરોવરની પૂર્વે વ્યાપારનું એક મથક છે.

ઇસ્ફાન—તહેરાનની દક્ષિણે, ઈરાનની આગલી રાજ્યધાની છે.

યજડ—ઈરાનના મધ્ય ભાગમાં આવેલું છે.

કરમન—યજડની અગ્નિકોણામાં આવેલું છે.

મેશદ—ઈરાનના ઈશાન કોણામાં છે. [થાય છે.

શિરાઝ—ઈરાની અખાતની પૂર્વેમાં છે, ને એમાં દારૂ સારો

બુશાયર—ઈરાની અખાત ઉપર એ એક બંદર છે.

રેશ્ટ, આસ્ત્રાબાદ } કારપીઅન સમુદ્ર આગળ છે.

અફગાનિસ્તાન.

કાબુલ—અફગાનિસ્તાનની રાજ્યધાની, કાબુલ નદી ઉપર છે.

જલાલાબાદ—કાબુલની પૂર્વ તરફ આવેલું છે.

ગીઝની—કાબુલની નૈરૃત્ય દિશાએ છે.

કંદહાર—હેલમન્ડ નદીની શાખા ઉપર છે.

હેરાત—અફગાનિસ્તાનની પશ્ચિમ હદ આગળ છે.

બલૂચિસ્તાન.

કેલાટ—બલૂચિસ્તાનની રાજ્યધાની.

કેવેટા—બલૂચિસ્તાનની ઉત્તરમાં આવેલું છે.

કેજ—બલુચિસ્તાનના દક્ષિણ ભાગમાં છે.

સિંહલદ્વીપ (લંકા અથવા સીલોન).

કોલમ્બો—સીલોનની રાજ્યધાની લંકાની પશ્ચિમે છે.

ગાલી—સીલોનની દક્ષિણે છે.

બેટીકેલો }
ટ્રિન્કોમાલી— } સીલોનની પૂર્વે છે.

કુરની ગાલ—પશ્ચિમ ભાગમાં છે.

કાન્ડી—સીલોનની આગલી રાજ્યધાની મધ્ય ભાગમાં છે.

ઇન્ડિયન ચાઇના.

માન્ડલે—બરમાં પ્રાંતની રાજ્યધાની-ઇરાવદી નદી ઉપર છે બરમાં પ્રાંત અંગ્રેજ સરકારે ૧૮૮૫ માં લીધું.

અમરાપુરા }
આવા } બરમાંની આગલી રાજ્યધાની ઇરાવદી નદી ઉપર છે.

બાન્કોક—સીઆમ પ્રાંતની રાજ્યધાની, મીનામ નદી ઉપર છે.
હ્યુંએ—આનામ પ્રાંતનું મુખ્ય શેહેર છે.
સઇગોન—ફ્રેન્ચ લોઅર કોચીન ચાઇનાની રાજ્યધાની છે.
મલાકા—મલાયા દ્વિપકલ્પના દક્ષિણ ભાગમાં છે.
સિંગાપોર=સિંગાપોર બેટમાં છે.

ચાઇનીઝ એમ્પાયર.

પેકીન—ચીનની રાજ્યધાની; પીહો નદી ઉપર છે.
નાનકીન—યાંગસીકયાગ નદી ઉપર છે.
કૅનટોન—કેન્ટોન નદી ઉપર એક બંદર છે.
અમોય }
ફુચુ } ફૉરમોસા ટાપુની સામે એ બંદર છે.
સંગાઇ—યાંગસી કયાંગ નદીના મુખ આગળ એક મોટું બંદર છે.
કીંગકીટાઓ—કોરીઆનું મુખ્ય શહેર છે.
કોરીનચૌલા—મન્ચુરીઆનું મુખ્ય શહેર છે.
ઉરગા—મંગોલ્યાનું મુખ્ય શહેર બૈકલ સરોવરની દક્ષિણમાં છે.
યારકંદ—ઇસ્ટર્ન તુર્કસ્તાનનું મુખ્ય શહેર યારકંદ નદી ઉપર છે.
કાશગર—ઇસ્ટર્ન તુર્કસ્તાનના પશ્ચિમ ભાગમાં છે.
ખોકન—ઇસ્ટર્ન તુર્કસ્તાનના દક્ષિણ ભાગમાં આવેલું છે.
લાસા=ટિબેટનું મુખ્ય શહેર બ્રહ્મપુત્રા નદી ઉપર છે.

તુર્કસ્તાન.

બોખારા—તુર્કસ્તાનની રાજ્યધાની, ઑકસસ નદીની પાસે છે.
ખીવા—ઓકસસ નદી ઉપર છે.

રશિઆ-ઇન-એશિઆ.

તોબોલસ્ક—સાઇબીયાનું મુખ્ય શહેર, ઇરટિષ નદી ઉપર છે.
ઇર્કુટસ્ક—બૈકલ સરોવરની પાસે એનીસી નદી ઉપર છે.
કિઆખ્તા—બૈકલસરોવરની દક્ષિણે છે.
ટાશકન્દ, ખોકન — સરદેરીઆ નદીની પાસે આવેલાં છે.
સમરકન્દ—રશ્યન તુર્કસ્તાનના દક્ષિણ ભાગમાં છે.
ટિફ્લિસ—ટ્રાન્સ કોકેશિઆનું મુખ્ય શહેર કર નદી ઉપર છે.

જાપાન.

ટોકિઓ અથવા યડો.—જાપાનની રાજ્યધાની. નીફોન બેટમાં છે.

યોકોહોમા—નીફોનમાં યડોની પાસે એક બંદરછે.
નેગેસ્કિ—ક્યુસ્યુ ટાપુમાં છે.

એશિઆની નદીઓ અને તેપર આવેલાં મુખ્ય શહેર.

યુફ્રેટીસ..............હિલ્લા.
ટાઈગ્રિસ..........બગદાદ અને મોસલ.
શેત-અલ-આરબ ...બસરા.
કાબુલ .... કાબુલ, જલાલાબાદ અને પેશાવર.
હેલમંદ..................કંદહાર. (અથવા લાડક.
સિંધુ.............. કોત્રી, હૈદ્રાબાદ, હાલા, સક્કર, અટક, લ્હે

ગોદાવરી :...............રાજમંદ્રી, કોકણુદ, બેઝવાડા.
જેલમ. ... .શ્રીનગર અને જેલમ.
ચીનાબ...................ગુજરાત.
રાવી......................લાહોર.
સતલજ....................સીમલા, લુધીઆના, જલંદર, સોબ્રા-
ઓન, ફીરોઝપોર અને બાવલપોર.
ત્રીમાબ...................મુલતાન.
સાબરમતી..................અમદાવાદ.
મહી.......................ખંભાત.
નર્મદા.................ભરૂચ.
તાપી...............સુરત, બરાનપુર.
બ્રહ્મપુત્રા............લાસા અને ગવહાતી.
હુગલી.............હુગલી, કલકતા, ચીનસુરા, સીરામપુર.
જમના.............દિલ્હી, આગરા, મથુરાં અને કાલ્પી.
ગંગા...............મીરત, અલીધર, કાનપોર, મીરજાપોર, બ-
નારસ, ગાજીપોર, પત્ના અને મોંઘીર.
ગંગા અને જમનાના સંગમપર...અલ્હાબાદ. (પ્રયાગ).
ગોમતી...............લકનો.
ઘોઘરા...............આઉદ, અને ફૈજાબાદ.
મહાનદી.............કટક, સંબલપુર.
પનાર...............નેલોર, કડાપા.
પલાર..............આર્કટ અને વેલોર.
દક્ષિણપનાર ....કદાલોર.

કાવેરી..............માઇસોર, શ્રીરંગપટણ અને ત્રચીનાપોલી.
કૃષ્ણા..............મછલીપટ્ટણ, ષેકણા.
મંજીરા..............બીદર.
મુરશી..............હૈદ્રાબાદ (નીઝાંમ)
ભાગીર્થી..........તુડયા (પ્લૅસી) મુરશીદાબાદ.
ઇરાવદી..............માનડલે, અમરપુરા, આવા, પ્રોમ, બેસીન, અને રંગુન.
મીનામ..............બાંગકોક.
કેન્ટોન..............કેન્ટોન.
યેંગ સીકયાંગ......નાનકીન.
પીહહો............પેકીન.
યારકન્ડ..............યારકન્ડ.
સરદેરીઆ..............તાશકન્ડ અને ખોકન.
ઓબી..............તોમસ્ક.
ઇરટિશ..............તોબોલસ્ક
એનીસી..............ઇર્કટસ્ક.
યુરલ..............ઓરેનબર્ગ.
કુર..............તિફ્લિસ.

